બે ઘડી યોગ

[સમતાનું પરમ સાધન 'સામાયિક']

卐

ધર્મબોધ

જ્ઞાન દર્શન ચારિત્ર

ગ્રંથમાળા

વડોદરા · ગુજરાત

પુષ્પ : ૧૫ :

ધર્મબોધ-ગ્રંથમાળા પુષ્પ : ૧૫ :

બે ઘડી યોગ

[સમતાનું પરમ સાધન 'સામાયિક']

લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાલા.

કાર્યાધિકારી-લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ-વડોદરા.

આવૃત્તિ ૧ લી. કીં. ૧૦ આના વિ. સં. ૨૦૦૮.

મુદ્રક:-શાહ ગુલાબચંદ લલ્લુભાઈ, શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

વિષયાનુક્રમ

૧. યોગનો મહિમા	પૃષ્ઠ ૧ થી ૨૩
યોગના લાભો	૨
યોગથી પ્રાપ્ત થતી લબ્ધિઓ	૫
મહાત્મા સ્થૂલભદ્ર (દૃષ્ટાંત)	૭
૨. યોગનું સ્વરૂપ	૨૪ થી ૩૬
૩. યોગસાધના	૩૭ થી ૪૫
૪. સામાયિક	૪૬ થી ૭૨
૧ સામાયિક (રાગ અને દ્વેષનો ત્યાગ)	૫૦
૨ સમયિક (અહિંસા)	૫૨
૩ સમવાદ (સત્ય)	૫૫
૪ સમાસ (ઉપશમ, વિવેક, સંવર)	૫૯
૫ સંક્ષેપ (સર્વ શાસ્ત્રોનો સાર)	૬૨
૬ અનવદ્ય (સાવદ્ય યોગનો ત્યાગ)	૬૪
૭ પરિજ્ઞા (આત્માની અમરતા અને ભોગની નિઃસારતાનું જ્ઞાન)	૬૬
૮ પ્રત્યાખ્યાન (વ્રત–નિયમ–ગુણધારણા)	૬૯
૫. સામાયિક વ્રત અથવા	
બે ઘડીની યોગસાધના	૭૩ થી ૮૪
૧ નમસ્કાર મંત્ર	૭૪
૨ પંચિંદિય સૂત્ર	૭૫
૩ પ્રણિપાત સૂત્ર	૭૫
૪ ઇરિયાવહી સૂત્ર	૭૬
૫ તસ્સ ઉત્તરી સૂત્ર	૭૭
૬ અન્નત્થ અથવા કાઉસગ્ગ સૂત્ર	૭૭
૭ લોગસ્સ સૂત્ર	૭૯
૮ કરેમિભંતે સૂત્ર	૮૧
૯ સામાઇયવયજુત્તો	૮૩

: ૧ :

યોગનો મહિમા

પવનનો પ્રચંડ સપાટો વાદળની ગમે તેવી ઘેરી ઘટાને ક્ષણવારમાં વિખેરી નાખે છે; અથવા અગ્નિની જોરદાર આંચ કાષ્ઠના ગમે તેવડા મોટા સમૂહને જોત-જોતામાં બાળી નાખે છે; તે પ્રમાણે યોગની અચિંત્ય શક્તિ જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક વગેરે દુઃખનાં દળોનો સત્વર સંહાર કરે છે, તેથી જ નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કે—

योगः कल्पतरुः श्रेष्ठो, योगश्चिन्तामणिः परः ।
योगः प्रधानं धर्माणां, योगः सिद्धेः स्वयं गृहम् ॥१॥

યોગનું શું વર્ણન કરીએ ? યોગ તો શ્રેષ્ઠ કલ્પતરુ જેવો છે, યોગ તો ઉત્તમ ચિંતામણિ રત્ન જેવો છે, યોગ સર્વ પ્રકારના ધર્મોમાં મુખ્ય છે અને યોગ એ સિદ્ધિ-મુક્તિનું પોતાનું ગૃહ છે.

तथा च जन्मबीजाग्नि-र्जरसोऽपि जरा परा ।
दुःखानां राजयक्ष्माऽयं, मृत्योर्मृत्युरुदाहृतः ॥ १ ॥

વળી તે યોગ જન્મરૂપી બીજને બાળનારો છે, જરા અવસ્થાની મહાજરા છે, દુઃખોને માટે ક્ષયરોગ જેવો છે અને મૃત્યુનું મૃત્યુ નિપજાવનારો છે.

(૧) યોગના લાભો.

'યોગથી શું લાભો થાય છે?' એ પ્રશ્નનો ઉત્તર આપતાં ઉક્ત મહર્ષિઓ જણાવે છે કેઃ—

धृतिः क्षमा सदाचारो, योगवृद्धिः शुभोदया ।
आदेयता गुरुत्वं च, शमसौख्यमनुत्तरम् ॥ १ ॥

યોગથી ધૃતિ એટલે સહનશીલતા, ક્ષમા એટલે ઉદારતા, સદાચાર એટલે સત્પુરુષોએ પ્રતિષ્ઠિત કરેલો આચાર, શુભોદયવાળી યોગવૃદ્ધિ એટલે પુણ્યનો ઉદય થાય તેવી પ્રવૃત્તિનો વધારો, આદેયતા એટલે બીજી પણ પોતાની પ્રવૃત્તિનું પ્રશંસાપૂર્વક અનુકરણ કરે તેવી સ્થિતિ, ગુરુપણું એટલે અન્યના ગુરુ થવાની શક્તિ અને અપૂર્વ એવું શમસુખ પ્રાપ્ત થાય છે.

विनिवृत्ताग्रहत्वं च, तथा द्वंद्वसहिष्णुता ।
तदभावश्च लाभश्च, बाह्यानां कालसङ्गतः ॥ १ ॥

વળી યોગથી આગ્રહરહિતપણું પ્રકટે છે, એટલે હઠાગ્રહ, કદાગ્રહ કે પૂર્વગ્રહ નાશ પામે છે અને દરેક વસ્તુનો મધ્યસ્થતાથી વિચાર કરવાની વૃત્તિ જન્મે છે. તે જ રીતે સુખ અને દુઃખ સહન કરવાની શકિત આવે છે, એટલે 'સુખસમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિમ્મત હારવી' એ સ્થિતિ ઉત્પન્ન થાય છે. તથા કાલને લીધે ઉત્પન્ન થતાં જરા, ઇંદ્રિયહાનિ વગેરે બાહ્ય દુઃખોના અભાવનો લાભ થાય.

किं चान्ययोगतः स्थैर्यं, धैर्यं श्रद्धा च जायते ।
मैत्री जनप्रियत्वं च, प्रातिभं तत्त्वमानसम् ॥ १ ॥

વધારે શું કહીએ ? યોગથી બુદ્ધિની સ્થિરતા, ધીરજ, (આત્મા, પુણ્ય, પાપ, પુનર્જન્મ, દેવ, ગુરુ વગેરે પરની) શ્રદ્ધા, સર્વ જીવો સાથે મૈત્રીભાવ, લોકપ્રિયતા અને તત્ત્વની પરીક્ષા કરી શકે તેવું પ્રતિભાશાલી મન પ્રાપ્ત થાય છે.

અને—

अलौल्यमारोग्यमनिष्ठुरत्वं,
गन्धः शुभो मूत्रपुरिषमल्पम् ।
कान्तिः प्रसादः स्वरसौम्यता च,
योगप्रवृत्तेः प्रथमं हि लिङ्गम् ॥ १ ॥

યોગની પ્રવૃત્તિ કરતાં જ સાધકમાં આ લક્ષણો પ્રકટે છે; ઇંદ્રિયોની ચપળતાનો નાશ, રોગરહિતપણું, ક્રૂરતાનો અભાવ, શરીરમાંથી સુગંધનું નીકળવું, પેશાબ અને ઝાડાના પ્રમાણમાં ઘટાડો, શરીર પર તેજ, મુખ પર પ્રસન્નતા અને સ્વરમાં મધુરતા.

તેમજ—

दोषव्यपायः परमा च तृप्ति-
रौचित्ययोगः समता च गुर्वी ।
वैरादिनाशोऽथ ऋतम्भराधी-
र्निष्पन्नयोगस्य तु चिह्नमेतत् ॥ १ ॥

યોગની સિદ્ધિ થતાં નીચેનાં ચિહ્નો જણાય છે. કામ-ક્રોધાદિ અંતરંગ દોષોનો વિનાશ, પરમ તૃપ્તિનો અનુભવ, મન

વચન અને કાયાનો ઉચિત વ્યાપાર, અત્યંત સમતા, વૈર વગેરેનો નાશ અને ઋતંભરા એવી પ્રજ્ઞા.

મહર્ષિ પતંજલિએ પણ તેમના પ્રસિદ્ધ યોગદર્શનમાં કહ્યું છે કે '**अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः** ॥ २-३५ ॥' અર્થાત્ હિંસારૂપ વિતર્કમાં રહેલાં અનંત દુઃખનો સાવધાન-પણે વારંવાર વિચાર કરવાથી જ્યારે સાધક યોગીના ચિત્તમાંથી હિંસાના હેતુભૂત સંસ્કારો દગ્ધબીજભાવને પામી જાય છે, ત્યારે તેના ચિત્તમાં હિંસાનું સ્ફુરણ પણ થતું નથી. એવી રીતે તે સાધક યોગીના ચિત્તમાં જ્યારે અહિંસાની સ્થિરતા થાય છે ત્યારે તેની સમીપમાં આવેલાં સિંહ અને હાથી, વાઘ અને હરણ, મોર અને સાપ, નોળિયો અને નાગ, બિલાડી અને ઊંદર વગેરે સ્વાભાવિક વૈરવાળાં સર્વ પ્રાણીઓ તે અહિં-સક યોગીના ચિત્તને અનુસરનારાં થઈ પોતપોતામાં રહેલા સ્વાભાવિક વૈરનો ત્યાગ કરે છે. તાત્પર્ય કે-તે યોગીના અંતઃ-કરણમાં અહિંસા ભાવનો નિશ્ચય એટલો પ્રબલ થયો હોય છે કે તે યોગીની સમીપમાં આવેલાં સ્વાભાવિક વૈરવાળાં પ્રાણી-ઓની વૈરવૃત્તિ દબાઈ જાય છે, તેથી તેઓ પરસ્પર તથા યોગી પ્રત્યે સ્નેહભાવથી વર્તે છે. આ જ કારણે યોગીઓને સિંહ-વ્યાઘ્રાદિ પ્રાણીઓ પીડા કરી શકતાં નથી.

મહાભારતની નીચેની પંક્તિઓ પણ આ હકીકતને પુષ્ટિ આપે છે.

अभयं सर्वभूतेभ्यो, दत्त्वा यश्चरते मुनिः ।
न तस्य सर्वभूतेभ्यो, भयमुत्पद्यते क्वचित् ॥ १ ॥

જે મુનિ (યોગી) સર્વ પ્રાણીઓને અભય આપીને વિચરે છે, તે મુનિને સર્વ પ્રાણીઓથી કોઈ પણ વાર ભય ઉપજતો નથી.

યોગથી ઋતંભરા એવી પ્રજ્ઞા ઉપજે છે, એ વાતનું સમર્થન અનેક યોગીઓએ કરેલું છે, તેમજ મહર્ષિ પતંજલિએ પણ કરેલું છે. તેઓ યોગદર્શનના સમાધિપાદમાં જણાવે છે કે **ऋतम्भरा तत्र प्रज्ञा** ॥ ૧-૪૮ ॥ ત્યાં એટલે અધ્યાત્મ-પ્રસાદ ઉત્પન્ન થયે યોગીને જે પ્રજ્ઞા ઉત્પન્ન થાય છે તે ઋતંભરા હોય છે. **ऋतं** એટલે સત્યનું **बिभर्ति** ધારણ-પોષણ કરે છે તે ઋતંભરા. વધારે સ્પષ્ટ કહીએ તો શ્રુતપ્રજ્ઞા, અનુમાન પ્રજ્ઞા અને લૌકિક પ્રત્યક્ષ પ્રજ્ઞાથી વસ્તુમાં રહેલા સાધારણ ધર્મો સમજાય છે, ત્યારે ઋતંભરા પ્રજ્ઞાથી વસ્તુમાં રહેલા અસાધારણ ધર્મો સમજાય છે અને તેથી દૂર રહેલું, પૃથ્વી આદિથી ઢંકાયેલું અને ભૂત તથા ભાવિના ગર્ભમાં છુપાયેલું બધું પ્રત્યક્ષ થાય છે. નીચેનું શાસ્ત્રવચન પણ તે જ હકીકત કહે છે:

आगमेनानुमानेन, ध्यानाभ्यासरसेन च ।
त्रिधा प्रकल्पयन्प्रज्ञां, लभते योगमुत्तमम् ॥ १ ॥

શ્રવણ, મનન અને ધ્યાનાભ્યાસમાં આદરરૂપ નિદિધ્યાસન એ ત્રણ ઉપાયોવડે પ્રજ્ઞાને અત્યંત ઉત્કૃષ્ટ કરતો એવો યોગી ઉત્તમ યોગને એટલે નિર્બીજ યોગને પામે છે.

(૨) યોગથી પ્રાપ્ત થતી લબ્ધિઓ.

'યોગથી કેવી લબ્ધિઓ પ્રાપ્ત થાય છે?' તેનું વર્ણન કરતાં નિર્ગ્રંથ મહર્ષિઓએ જણાવ્યું છે કે—

कफविप्रुण्मलामर्षसर्वौषधिमहर्धयः ।
संभिन्नश्रोतो लब्धिश्च, योगताण्डवडम्बरम् ॥ १ ॥

કફ, થૂંક, મલ અને શરીરના સ્પર્શ વગેરેવડે સર્વ ઔષધિઓનું કામ કરવાની ઋદ્ધિ તથા એક ઇંદ્રિયથી બીજી ઇંદ્રિયનું કામ કરવાની લબ્ધિ એ યોગનો જ મહિમા છે.

चारणाशीविषावधिमनःपर्यायसम्पदः ।
योगकल्पद्रुमस्यैता विकासिकुसुमश्रियः ॥ १ ॥

ચારણલબ્ધિ એટલે આકાશમાં ગમનાગમન કરવાની શક્તિ, આશીવિષ લબ્ધિ એટલે નિગ્રહ-અનુગ્રહ કરવાની શક્તિ, અવધિ લબ્ધિ એટલે અવધિજ્ઞાન, મનઃપર્યાયલબ્ધિ એટલે મનઃપર્યાય જ્ઞાન, આ સર્વ યોગરૂપ વૃક્ષના વિકસ્વર થયેલા પુષ્પોની શોભા છે.

તે ઉપરાંત જે આધ્યાત્મિક લાભ થાય છે, તેનું વર્ણન કરતાં એ મહર્ષિઓ જણાવે છે કે-

कुण्ठी भवन्ति तीक्ष्णानि, मन्मथास्त्राणि सर्वथा ।
योगवर्मावृत्ते चित्ते, तपश्छिद्रकराण्यपि ॥ १ ॥

યોગરૂપી બખ્તરને ચિત્ત પર ધારણ કરવાથી તપમાં કાણાં પાડનારાં એવાં કામદેવનાં તીક્ષ્ણ શસ્ત્રો પણ સર્વથા બૂઠા બની જાય છે. તાત્પર્ય કે-જે સંયોગો તપસ્વીઓનાં ચિત્તને કામથી વિહ્વળ બનાવી શકે છે, તે સંયોગો યોગીના મનને કંઈ અસર કરી શકતા નથી. મહાત્મા સ્થૂલભદ્રની વાત આ હકીકતને વધારે સ્પષ્ટ કરશે.

(૩) મહાત્મા સ્થૂલભદ્ર.

શ્રી સ્થૂલિભદ્ર મુનિગણમાં શિરદાર જો,
ચોમાસું આવ્યા કોશા આગાર જો,
ચિત્રામણશાળાએ તપ-જપ આદર્યાં જો ૧.

મુનિઓના સમૂહમાં શ્રેષ્ઠ એવા સ્થૂલભદ્ર પોતાની યોગ-સાધનાની કસોટી કરવા ચિરપરિચિત એવી કોશા નામની વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરવા આવ્યા છે અને તેની અત્યંત કામોદ્દીપક એવી ચિત્રામણશાળામાં રહીને જપ-તપ કરવા લાગ્યા છે. તે સમયનો આ પ્રસંગ છે.

કોશા ધીમી ચાલે ચાલતી ચિત્રામણશાળામાં દાખલ થાય છે અને કહે છેઃ-

આદરિયાં વ્રત આવ્યા છો અમ ગેહ જો,
સુંદિર સુંદર ચંપકવરણી દેહ જો,
અમ તુમ સરિખો મેળો આ સંસારમાં જો. ૨

મુનિરાજ ! તમે સાધુનાં વ્રતો આદરીને અમારાં ગૃહે આવ્યા છો, પણ ચંપકની કળી જેવી આ અતિ કમનીય કાયાને ભૂલી ન જતા ! તમે પણ અનંગના અવતાર છો, એટલે મારો અને તમારો મેળાપ આ દુનિયામાં ભાગ્યે જ જોવામાં આવે તેવો વિરલ છે. તાત્પર્ય કે-તમે આ સાધુતાને છોડીને મારી સાથે કામસુખ ભોગવો અને મને સુખી કરો.

પરંતુ યોગના ઉચ્ચ આસન પર આરૂઢ થયેલા મહાત્મા સ્થૂલિભદ્રને એ વચનોની કંઈ પણ અસર થતી નથી. તેઓ વૈરાગ્યપૂર્ણ વાણીમાં વદે છેઃ-

સંસારે મેં જોયું સકલ સરૂપ જો,
દર્પણની છાયામાં જેવું રૂપ જો,
સુપનાની સુખલડી ભૂખ ભાંગે નહિ જો. ૩.

કોશા ! હું સંસારમાં હતો ત્યારે એ રૂપને ધરાઈ ધરાઇને જોયું હતું, છતાં તૃપ્તિ થઈ ન હતી. અને કયાંથી થાય ? દર્પણમાં પડેલી છાયાને પકડવા જનારો કેમ સફળ થાય ? અથવા સ્વપ્નમાં સુખડી ખાનારની ભૂખ કયાંથી ભાંગે ? તાત્પર્ય કે-શરીરનાં સૌંદર્યમાં મોહકતાનો જે અનુભવ થાય છે, તે કાલ્પનિક છે ! કેવળ કાલ્પનિક ! ! અને તેથી તેનો ગમે તેટલો ઉપભોગ કરવામાં આવે તો યે તૃપ્તિ-સંતોષ-શાંતિસુખ મળતું નથી.

જો વિચાર કરવામાં આવે તો મહાત્મા સ્થૂલભદ્રે આ શબ્દોમાં ઘણું ઘણું કહી નાખ્યું હતું, પણ પ્રેમમાં પાગલ થયેલી પણ્યાંગના માને ? તેણે મહાત્મા સ્થૂલભદ્રના ચિત્તને ચળાવવા કહ્યું:-

ના કહેશો તો નાટક કરશું આજ જો,
બાર વરસની માયા છે મુનિરાજ જો,
તે છોડી કેમ જાઉં હું આશાભરી જો. ૪.

મુનિરાજ ! મારાં દિલનું દર્દ જાણો, મારાં હૃદયની વેદના પિછાણો અને મારી મામૂલી માગણીનો સ્વીકાર કરો. એમાં તમે આનાકાની કેમ કરો છો ? જો તમે સરલતાથી નહિ માની જાઓ તો મારે મારો ઉપાય કામે લગાડવો પડશે. એ ઉપાય બીજો કોઇ નહિ પણ હાવ, ભાવ, વિભ્રમ અને અંગવિક્ષેપથી ભરેલું નૃત્ય છે કે જે તમને ખૂબ પ્યારું હતું. બાર બાર

વરસની મહોબ્બત એમ શું ભૂલી જવાય છે ? એ મહોબ્બત આજે નવી આશાનું રૂપ ધારણ કરીને મારાં હૃદયને હચમચાવી રહી છે એટલે તેને પૂર્ણ કર્યા સિવાય અહીંથી ખસનાર નથી.

પૂર્વ સ્નેહની સ્મૃતિ તાજી થાય ત્યાં રાગનાં બીજને અંકુર ફૂટે છે અને જોતજોતામાં તેનું મહાવૃક્ષ બની જાય છે, પરંતુ બીજ જ બળી ગયું હોય ત્યાં શું થાય ? મહાત્મા સ્થૂલભદ્રનાં ચિત્તમાં રાગનો અંશ પણ રહ્યો ન હતો, એટલે તેમણે કોશાની સાન ઠેકાણે લાવવાના ઉદ્દેશથી ધીર ગંભીર સ્વરે કહ્યું:—

આશા ભરિયો ચેતન કાલ અનાદિ જો,
ભમ્યો ધરમથી હીણ થયો પરમાદી જો,
ન જાણી મેં સુખની કરણી જોગની જો. ૫

કોશા ! તું આશાની વાત છોડી દે. આશા આકાશ જેવી અપાર છે અને તે કદિ પણ પૂર્ણ થતી નથી. આ ચેતન અનાદિ કાલથી સંસારમાં પરિભ્રમણ કરે છે અને વિવિધ યોનિઓમાં ઉત્પન્ન થાય છે. એનું કારણ પણ એ આશા જ છે. વળી તે આશાના યોગથી જ મનુષ્ય પોતાનું લક્ષ્ય ચૂકે છે, પ્રમાદી બને છે અને ધર્મથી ભ્રષ્ટ થાય છે. જ્યાં સુધી મને આ વાતનું ભાન ન હતું ત્યાં સુધી હું તારી સાથે રહ્યો અને વિવિધ ક્રીડાઓ કરીને આનંદ પામ્યો, પણ એ અજ્ઞાન ચેષ્ટા હતી, મોહ–મદિરાના પાનથી ઉત્પન્ન થયેલી મહામૂઢતા હતી, એ દૂર કરવાનો એક અને અનન્ય ઉપાય યોગની સાધના છે, પણ તે વખતે મેં એને જાણી ન હતી. આજે એ સાધનામાં મારો પ્રવેશ થઇ ચૂકયો છે અને તેમાં વિશેષ પ્રગતિ કરવાના હેતુથી જ તારા મંદિરે આવ્યો છું.

આ શબ્દો સાંભળતાં જ કોશાના મુખ પર એક આશ્ચર્ય-ભર્યું સ્મિત ફરકી ગયું અને તે બોલી:—

જોગી તો જંગલમાં વાસો વસિયા જો,
વેશ્યાને મંદિરિયે ભોજન રસિયા જો,
તમને દીઠા એવા સંયમ સાધતા જો. ૬.

મુનિરાજ ! તમે અજબ-ગજબની વાત કરો છો ! જેને યોગની સાધના કરવી હોય તે તો કોઈ ગિરિરાજની ગેબી ગુફામાં પ્રવેશ કરે કે વન-અરણ્યના એકાંત પ્રદેશનો આશ્રય લે અથવા જ્યાં બીજા યોગીઓ પણ યોગસાધના કરતા હોય તેવા તપોવનની પસંદગી કરે પણ મનુષ્યની વસતિથી ખીચોખીચ ભરેલા શહેરમાં તો ન જ આવે ! અને કદાચ કાર્ય પ્રસંગે આવે તો પણ ત્યાં સ્થિરતા તો ન જ કરે ! અને સમજી લો કે કોઇ કારણવશાત્ ત્યાં સ્થિરતા પણ કરે તો યે વેશ્યાનું મંદિર તો પસંદ ન જ કરે, કારણ કે ત્યાં મઘમઘતા મસાલાવાળાં અને તરત જ તેજ કરે એવા સ્વાદિષ્ટ-ગરિષ્ઠ ભોજન તૈયાર થતાં હોય છે-એ ભોજનો આરોગવાં અને યોગની સાધના કરવી એ હસવા ને લોટ ફાકવા જેવી વાત છે. આવી રીતે યોગસાધના કરનારા તો મારા જીવનમાં મેં તમને પહેલા જ દીઠા છે ! અર્થાત્ અહીં આવવામાં ખરું પ્રયોજન યોગસાધના નથી પણ મારો પુનઃ મેળાપ છે અને તે માટે હું તૈયાર છું.

જવાબમાં સંયમમૂર્તિ સ્થૂલભદ્રે કહ્યું:—

સાધશું સંયમ ઇચ્છારોધ વિચારી જો,
કૂર્માપુત્ર થયા નાણી ઘરબારી જો,
પાણીમાંહે પંકજ કોરું જાણિયે જો. ૭.

કોશા ! યોગ અને યોગસાધના વિષે તારો ખ્યાલ કોઈ જુદા જ પ્રકારનો લાગે છે, નહિ તો ગિરિગુફાની, વનના એકાંત-પ્રદેશની અને તપોવનની વાતો ન જ કરત ! શું તું જાણે છે કે–

वनेऽपि दोषाः प्रभवन्ति रागिणां,
गृहेऽपि पञ्चेन्द्रियनिग्रहस्तपः ।
अकुत्सिते कर्मणि यः प्रवर्त्तते,
निवृत्तरागस्य गृहं तपोवनम् ॥ १ ॥

જે મનુષ્યના હૃદયમાં રાગ રહેલો છે, તે ગિરિરાજની ગેબી ગુફામાં પ્રવેશ કરે કે વનના એકાંત પ્રદેશનો આશ્રય લે તો પણ દોષનો ભાગી બને છે, જ્યારે રાગનો ત્યાગ કરી સત્કર્મમાં પ્રવૃત્તિ કરનારો અને પોતાની પાંચે ઇંદ્રિયોને કાબૂમાં રાખનારો ઘરમાં રહે તો પણ તપ જ કરે છે. એથી જ કહેવાયું છે કે 'નિવૃત્તરાગવાળાને ઘર પણ તપોવન જેવું જ છે.'

યોગ અનેક પ્રકારના હોય છે; હઠયોગ, લયયોગ, મંત્રયોગ, રાજયોગ તેમાં અમે રાજયોગનો આશ્રય લીધો છે અને તેની અનન્ય મને ઉપાસના કરી રહ્યા છીએ. આ યોગમાં ઈચ્છા-નિરોધ એ જ મુખ્ય વાત છે એટલે અમે સર્વે ઇચ્છાઓને, આશાઓને, અભિલાષાઓને, આસક્તિઓને ઉદધિનાં ઊંડા જળમાં પધરાવી દીધી છે અને નિરાસક્ત થઈને જ અહીં આવ્યા છીએ; તેથી તારા મંદિરમાં રહીને પણ ઇચ્છારોધરૂપી યોગની સાધના જરૂર કરીશું.

તું એમ કહે છે કે–આવી રીતે યોગની સાધના કરનારા તમને દીઠા તો હું જણાવું છું કે મહાત્મા કૂર્માપુત્રે પણ ઘરમાં

રહીને જ યોગસાધના કરી હતી અને પરિણામે કેવલજ્ઞાની બન્યા હતા. બીજા પણ અનેક મહાપુરુષોએ એ રીતે ઘરમાં રહીને યોગસાધના કરીને ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરેલી છે. કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં તેમાં કોરું રહી શકે છે, તેમ ભવોભવની પૂર્વ તૈયારીથી યોગસાધનાનો અધિકાર પામી ચૂકેલા આત્માઓ સંસારમાં રહ્યા છતાં તેનાં પ્રલોભનોથી નિરાળા રહીને ધારેલી યોગસાધના કરી શકે છે.

ચતુર કોશ્યા સમજી ગઈ કે મહાત્મા સ્થૂલભદ્ર પોતાને ત્યાગ, વૈરાગ્ય અને યોગની વાતો તરફ આબાદ ઘસડી રહ્યા છે. એટલે તેણે વાતની દિશા પલટવા માટે કહ્યું:—

જાણી એ તો સઘળી તુમારી વાત જો,
મેવા મીઠા રસવંતા બહુ જાત જો,
અમ ભૂષણ નવનવલી ભાતે લાવતા જો. ૮

તમારી યોગ અને સંયમની બધી વાતો જાણી! એને હવે કૃપા કરીને બાજુએ રાખો અને અહીં અનેક જાતિના દિલપસંદ મેવા તથા મીઠાઈઓ પડેલી છે, તેનો છૂટથી ઉપભોગ કરો. અને એ દિવસોને યાદ કરો કે જ્યારે તમે એક દિવસ અપૂર્વ કલા–કારીગરીવાળી દામણી લાવતા તો બીજા દિવસે મનોહર કુંડલો લાવતાં. વળી ત્રીજા દિવસે હીરાજડિત નથડી લાવતાં તો ચોથા દિવસે ગળાનો હાર લાવતા! આ રીતે તમે રોજ નવા નવા પ્રકારનાં અને નવાં નવાં આકારનાં આભૂષણો લાવતાં અને મારી દેહલતાને શણગારીને અપૂર્વ આનંદ માણતા.

કોશ્યાના આ શબ્દો સાંભળીને મહાત્મા સ્થૂલભદ્રે કહ્યું:

લાવતા તો તું દેતી આદરમાન જો,
કાયા જાણું રંગપતંગ સમાન જો,
ઠાલી તે કરવી શું એવી પ્રીતડી જો? ૯.

કોશા! પાછલી વાતો સંભારવી યોગ્ય નથી! છતાં તું સંભારે છે, તો કહું છું કે–એ રીતે જો હું નિત્ય નવાં આભૂષણો ન લાવતો હોત તો તું મને આદરમાન દેત ખરી? તારાં એ આદરમાન મુખ્યત્વે મારાં આભૂષણોને આભારી હતાં એમ હું માનું છું. પણ એ વાત જવા દે! કાયાનું સૌંદર્ય પતંગના રંગ જેવું પોકળ છે કે જે ઘડીકમાં ઊડી જાય છે. ચક્રવર્તી સનત્કુમાર જેવાની કંદર્પકાયા ઘડીમાં ઝાંખી પડી ગઈ તો બીજાની શી વાત? માટે કાયાની પ્રીત કરવી હરગીઝ નકામી છે.

પ્રત્યુત્તરમાં કોશાએ કહ્યું:

પ્રીતલડી કરતા તે રંગભર સેજ જો,
રમતાં ને દેખાડંતા ઘણું હેજ જો,
રીસાણી મનાવી મુજને સાંભરે જો. ૧૦

હવે કહેવાય છે કે 'કાયાની પ્રીત કરવી હરગીઝ નકામી છે!' પણ હું ફૂલની ચાદરો બીછાવતી ને પલંગને સુંદર રીતે શણગારીને દેવશય્યા જેવો બનાવતી ત્યારે તમે મારા પર લટ્ટુ બની જતા હતા! શું તે દિવસો છેક જ ભૂલી ગયા કે જ્યારે તમે મારી સાથે નિરંકુશ ક્રીડા કરતા અને અધિકમાં અધિક સ્નેહ વ્યક્ત કરતા? વળી હું રીસાઇ જતી ત્યારે તમે

મને કેવા કેવા ઉપાયોથી મનાવી લેતા ? આ બધા પ્રસંગો આજે મને સાંભરી આવે છે અને તમારા સ્નેહને તાજો કરે છે. તેથી ઓ સ્થૂલભદ્ર ! દયાળુ થાઓ અને મારા પર દયા કરો.

કોશા અનુકૂળ પરિષહ ઉપજાવી રહી હતી, પણ મહાત્મા સ્થૂલભદ્ર મેરુની જેમ અડગ ઊભા રહ્યા હતા. તેમણે શાંત-ચિત્તે કહ્યું:

> સાંભરે તો મુનિવર મનડું વાળે જો,
> ઢાંકયો અગ્નિ ઉઘાડયો પરજાળે જો,
> સંયમમાંહી એ છે દૂષણ મોટકું જો. ૧૧.

કોશા ! આ બધી ભૂતકાળની વાતો તાજી કરવી રહેવા દે, કારણ કે તેથી કોઈ ઉપયોગી અર્થ સરવાનો નથી. જેણે યોગસાધનાનો સાચાં દિલથી સ્વીકાર કર્યો છે અને મુનિવ્રત લીધાં છે, તેઓ આવી વાતો કદિ પણ યાદ કરતા નથી અને અનુપયોગથી–અસાવધાનીથી કદાચ એવી કોઇ વાત યાદ આવી જાય તો તેમાંથી પોતાનાં મનને તરત જ પાછું વાળી લે છે અને બીજા કામમાં જોડી દે છે ! આવી વાતો કરવી તો દૂર રહી પરંતુ સાંભળવી એ પણ પાપ છે ! પૂર્વભોગની સ્મૃતિ સંયમની આરાધનામાં અતિ મોટું પાપ લગાડનારી બેરહમ બલા છે. અગ્નિને જેમ ઢાંકીને રાખ્યો હોય તો બધું સલામત રહે છે, અર્થાત્ તે કોઇ વસ્તુને લાવી શકતો નથી, પરંતુ તે જ અગ્નિ પરથી રાખ દૂર કરવામાં આવે ને તેની વિદાહક શક્તિને અવકાશ આપવામાં આવે તો કેવું ભયંકર પરિણામ આવે છે ? પૂર્વભોગની સ્મૃતિ આ અગ્નિ જેવી છે, તેથી તેને ઉખાળવી રહેવા દે.

પરંતુ કોશા પુરાણા પ્રસંગની યાદ આપતી જ ચાલી:

મોટકું આવ્યું તું નંદનું તેડું જો,
જાતાં ન વહે કંઈ તમારું મનડું જો,
મેં તમને તિહાં કોલ કરીને મોકલ્યા જો. ૧૨

યાદ છે મુનિરાજ ! નંદરાજાએ તમને તેડવા માટે પોતાના ખાસ માણસોને મોકલ્યા હતા અને કહેવરાવ્યું હતું કે–તમે તુરત જ આવી જાઓ. છતાં ત્યાં જવાનું તમારું દિલ થતું ન હતું ! એવું હતું મારા પ્રેમનું ગાઢ બંધન ! એવી મારી સાથે તમારી મીઠી મહોબ્બત ! પણ મેં સમય પારખ્યો અને તમને કહ્યું કે ' રાજાજીના તેડાને માન આપવું જોઈએ. તમે ત્યાં જાઓ અને કામ પતાવીને પાછા વહેલા વહેલા આવી જજો. ' ત્યારે તમે માંડ માંડ તૈયાર થયા અને હું જલદી પાછો આવી જઈશ એવો કોલ આપીને વિદાય થયા. મને તમારા કોલ પર, તમારા વચન પર અથાગ વિશ્વાસ હતો એટલે તેમાં ભરોસો રાખીને તમને વિદાયગીરી આપી. પરંતુ તમે તમારો એ કોલ પાળ્યો નહિં. ખરું કહેજો મુનિરાજ ! એ કોલને તમે વફાદાર રહ્યા છો ખરા ?

વાત સાચી હતી. ઘટના એવી જ બની હતી. સ્થૂલભદ્ર નંદરાજા પાસે પહોંચ્યા ત્યારે જાણ્યું કે રાજદ્વારી કાવાદાવાથી પિતાનું ખૂન થયું અને મંત્રીપદ સંભાળવાને માટે પોતાના લઘુ બંધુ શ્રીયકને કહેવામાં આવ્યું છે, પણ શ્રીયકે એ વાતનો સ્વીકાર ન કરતાં પોતાની ભલામણ કરી છે, એટલે રાજાએ પોતાને બોલાવેલ છે. સ્થૂલભદ્ર ગમે તેવા ત્યાગી હતા, છતાં

માતાપિતા પ્રત્યે અપૂર્વ માન ધરાવતા હતા, એટલે પિતાના કરુણ મૃત્યુએ તેમના દિલને સખત ચોટ પહોંચાડી અને આવા પ્રસંગે પણ પોતે હાજર ન રહી શકયા તેનું અત્યંત દુઃખ થયું. 'હું કેવો કામાંધ! કેવો બેવકૂફ!! બાર બાર વર્ષ સુધી વેશ્યાને ત્યાં પડયો રહ્યો, પણ પિતાની સારસંભાળ ન લીધી કે તેમની કોઇ પણ પ્રકારની સેવા ન કરી શકયો! હવે મંત્રીપદ લઇને શું કરવું? રાજદ્વારી કાવાદાવાનાં આખરી પરિણામ કેવાં હોય છે, તેનો દાખલો તો નજર સામે જ તાજો છે!' એટલે તેમણે કહ્યું: 'પિતાજીના મૃત્યુ સમાચારથી મારું મન વિહ્વલ બની ગયું છે, તેથી વિચાર કરવાનો થોડો સમય આપો. હું વિચારીને જવાબ આપીશ.' અને એ વિચાર કરવા તેઓ નગરના એક ઉદ્યાન તરફ ચાલ્યા. ત્યાં શું હકીકત બની તે કહી સંભળાવે છે:

મોકલ્યા તો મારગમાંહી મળિયા જો,
સંભૂતિ આચારજ જ્ઞાને બળિયા જો,
સંયમ દીધું સમકિત તેણે શીખવ્યું જો. ૧૩

કોશા! વાત સાચી છે કે તેં મને મોકલ્યો અને હું ગયો. તે સાથે એ વાત પણ સાચી છે કે રાજાને પ્રત્યુત્તર આપીને હું તારી પાસે પાછો જ આવવાનો હતો, પણ દરમિયાન રસ્તામાં પ્રખર જ્ઞાની, ધ્યાની મહાત્મા શ્રી સંભૂતિવિજયનો મેળાપ થયો અને તેમણે સમ્યકૃત્વનું સ્વરૂપ સમજાવીને મારી યુગ-યુગની મોહનિદ્રા ઉડાડી દીધી. પરિણામે ભોગના માર્ગને ભયંકર જાણીને મેં છોડી દીધો અને યોગના અનુપમ માર્ગનો સ્વીકાર કર્યો. મારી વિનતિ પરથી આચાર્ય શ્રી સંભૂતિવિજયે મને

પરમપવિત્ર યોગની દીક્ષા આપી. હવે તું સમજી શકીશ કે હું તારી પાસે પાછો કેમ ન આવી શક્યો.

આ શબ્દોએ કોશાના દિલમાં મહાત્મા સ્થૂલભદ્રની પ્રામાણિકતા માટે ભારે માન પેદા કર્યું અને તે જ વખતે તેને વિચાર આવ્યો કે 'આચાર્યશ્રી સંભૂતિવિજયે એવું તે શું કહ્યું હશે કે જેણે સ્થૂલભદ્રની સ્નેહ–સરિતાને તરત જ સૂકવી નાખી અને યોગનું અજબ આકર્ષણ પેદા કર્યું ?' આ પ્રશ્નનું સમાધાન મેળવવા તેણે કહ્યું:

શીખવ્યું તો કહી દેખાડો અમને જો,
ધરમ કરતાં પુણ્ય વડેરું તમને જો,
સમતાને ઘેર આવી વેશ્યા ઈમ કહે જો. ૧૪

આચાર્યશ્રી સંભૂતિવિજયે તમને સમ્યક્ત્વનું શું સ્વરૂપ સમજાવ્યું તે મને કહો જેથી સમજ પડે કે તમારામાં આ અદ્ભુત પરિવર્તન કેમ થયું ? એ વાત મને કહી સંભળાવવી એ તમારો ધર્મ છે. તમારા ઉપદેશથી હું ધર્મમાં સ્થિર થઈને જે આત્મસાધન કરીશ તેનું મોટું પુણ્ય તમે ઉપાર્જન કરશો.

મહાત્મા સ્થૂલભદ્ર સમજી ગયા કે કોશાના હૃદયમાં સત્યની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ છે અને તેને તૃપ્ત કરવામાં આવશે તો તેનું પરિણામ ઘણું સુંદર આવશે એટલે તેમણે સમ્યક્ત્વનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું અને કોશાના મનમાં ભોગની અસારતા વિષે જે જે શંકાઓ હતી, તેનું નિરાકરણ કરીને ચારિત્ર વિષે સમજ આપી.

વંદે મુનીશ્વર શંકાને પરિહાર જો,
સમકિત મૂલે શ્રાવકનાં વ્રત બાર જો,
પ્રાણાતિપાતાદિક સ્થૂલથી ઉચરે જો. ૧૫

પોતાની બધી શંકાઓના ખુલાસા થતાં કોશાએ મહાત્મા સ્થૂલભદ્રને એક ભક્તની શ્રદ્ધાથી વંદન કર્યું અને તેમની પાસે સમ્યક્ત્વમૂલ સ્થૂલ પ્રાણાતિપાતવિરમણવ્રત વગેરે શ્રાવકનાં બારે વ્રત ધારણ કર્યાં.

કેવો અજબ ચમત્કાર! જે વેશ્યા મુનિવરને ડોલાવવા આવી હતી અને યેનકેન પ્રકારેણ પોતાનું ધાર્યું કરવા માટે કૃતનિશ્ચયા બની હતી, તે પોતે જ એમના અતુલ પ્રભાવથી ડોલી ગઇ અને સંયમની યથાશકિત સાધના કરવામાં પ્રવૃત્ત થઈ.

ઉચ્ચરે તો વીત્યું છે ચોમાસું જો,
આણા લઈને આવ્યા ગુરુની પાસે જો;
શ્રુતનાણી કહેવાણા ચૌદ પૂરવી જો. ૧૬

કોશાએ શ્રાવકનાં વ્રત ઉચ્ચર્યાં અને ખરા દિલથી પવિત્ર જીવન ગાળવા માંડયું. એ રીતે મહાત્મા સ્થૂલભદ્ર પોતાની આસપાસના વાતાવરણને વિમલ બનાવી યોગ સાધના કરતાં થકાં ચાતુર્માસને નિર્વિઘ્ને પૂર્ણ કરવામાં પૂરેપૂરા સફલ થયા. બીજા શબ્દોમાં કહીએ તો તેમણે યોગસાધના માટેની જિનેશ્વરની આજ્ઞાને સુરક્ષિત રાખી અને તેનો આત્મસંતોષ મેળવીને ગુરુની પાસે પાછા ફર્યા.

ગુરુ જ્ઞાની હતા અને શું બની ગયું છે, તે જાણી ચૂકયા હતા એટલે સ્થૂલભદ્રે પોતાના ચાતુર્માસનો જે વૃત્તાંત કહી

સંભળાવ્યો, તેને અક્ષરશઃ સાચો માન્યો અને 'દુષ્કર ! દુષ્કર ! દુષ્કર !' એવા શબ્દોવડે અભિનંદન આપ્યાં.

આ વખતે સિંહની ગુફા આગળ ચાતુર્માસ ગાળીને આવેલા એક મુનિ પાસે જ ઊભા હતા અને ગુરુએ તેમને માત્ર 'દુષ્કર' એવા શબ્દો કહ્યા હતા, એટલે તેમનું અભિમાન ઘવાયું અને હૃદયમાં ઈર્ષ્યાનો સંચાર થયો: 'હું સિંહની ગુફા આગળ ચાર ચાર મહિના રહ્યો તેને માટે ગુરુએ માત્ર 'દુષ્કર' એટલા જ શબ્દો કહ્યા અને આ સ્થૂલભદ્ર શહેરમાં રહ્યા, વેશ્યાને ત્યાં રહ્યા, તેની ચિત્રશાળામાં વસ્યા અને ભાતભાતનાં ભોજન જમ્યા, છતાં તેને 'દુષ્કર, દુષ્કર, દુષ્કર' એમ ત્રણ વાર કહ્યું, માટે બીજા ચાતુર્માસ વખતે હું પણ ત્યાં જ જઈશ અને ગુરુના મુખે ત્રણ વાર દુષ્કર બોલાવીશ.

બીજું ચાતુર્માસ આવ્યું અને મુનિઓએ જુદા જુદા સ્થળે ચાતુર્માસ ગાળવા માટે ગુરુ પાસેથી આજ્ઞા મેળવી, ત્યારે આ મુનિએ કહ્યું: 'હું કોશા વેશ્યાને ત્યાં રહીને ચાતુર્માસ ગાળીશ.' ગુરુએ કહ્યું: 'એ કામ ઘણું દુષ્કર છે, માટે આવી પ્રતિજ્ઞા ન કરો.' છતાં મુનિએ આગ્રહ કર્યો, એટલે ગુરુએ 'ભવિતવ્યતા અપરિહાર્ય છે' એમ માનીને તેમને રજા આપી.

આ મુનિ કોશાને ત્યાં આવ્યા અને વસતિની માગણી કરી એટલે ધર્મનો રાહ સમજી ચૂકેલી કોશાએ તેમની માગણી કબૂલ રાખી અને પોતાના મંદિરમાં આવેલા વિવિધ ખંડો બતાવીને તેમાંનો કોઈ પણ ખંડ પસંદ કરી લેવાને જણાવ્યું. ત્યારે મુનિએ પેલી ચિત્રશાળાની પસંદગી કરી. આથી

કોશાને લાગ્યું કે આ મુનિ તો મહાત્મા સ્થૂલભદ્રની હરિફાઈ કરતાં જણાય છે! એટલે તેણે ચિત્રશાળાની હા પાડી, અને સાથે જ તેમની કસોટી કરવાનો પાકો સંકલ્પ કર્યો.

હજી ચાતુર્માસના થોડા જ દિવસો વ્યતીત થયા છે અને મુનિ ગોચરીપાણીથી પરવારીને સ્વાધ્યાય કરતાં બેઠા છે કે કોશા સોળે શણગાર સજીને ત્યાં આવી અને ઝાંઝરનો ઝમકાર કરતી તથા વિવિધ પ્રકારનો અભિનય કરતી અતિ મંજુલ સ્વરે બોલી: 'મુનિરાજ! શાતામાં તો છો ને? મારે ત્યાં આપને કોઈ પણ પ્રકારની અડચણ તો નથી પડતી ને?'

આ શબ્દો સાંભળતાં મુનિએ મસ્તક ઊંચું કર્યું, ત્યાં રૂપ-રૂપનો અંબાર જોવામાં આવ્યો. પૂર્ણિમાના મુખ જેવું ગોળ સુંદર મુખ! લાંબું અણિયાળું નાક અને ગોટા ગુલાબી ગાલ! વિશાલ ભાલ, સુકુમાર બાહુ, લાંબી પતલી દેહલતા અને તેમાં હીરામોતીનો અપૂર્વ શણગાર! વળી કાળો ભમ્મર કેશપાસ મનોહર ફૂલડાંઓથી વિભૂષિત થયો થકો કામદેવના દુર્દાન્ત દંડ સમો ઢીંચણ સુધી લટકી રહ્યો છે! આવું રૂપ ને આવું સૌંદર્ય તેમણે કદિ પણ જોયું ન હતું. તેમણે અપ્સરાઓની વાતો સાંભળી હતી, ઉર્વશી અને મેનકાનાં વર્ણનો વાંચ્યાં હતાં, પણ તેનો સાક્ષાત્કાર તો આજે જ થતો હતો! સાંભળવામાં અને જોવામાં કેટલો તફાવત છે અને તેની મન પર કેવી અને કેટલી અસર થાય છે, તેનો અનુભવ મુનિને થઈ રહ્યો હતો. એટલે તે બોલ્યા: 'બાઈ, રોજ થોડી થોડીવાર અમારી પાસે આવતા જાઓ અને બે શબ્દો ધર્મનાં સાંભળીને જીવનમાં ઉતારતા જાઓ.'

પરંતુ ચતુર કોશાને તેમનો મનોગત ભાવ સમજતાં વાર લાગી નહિ. તે બોલી:–' શું કરીએ મુનિરાજ ! અમારો ધંધો એવો રહ્યો કે ગમે ત્યારે ગમે તે ગ્રાહક આવી પહોંચે અને અમારે તેના મનનું રંજન કરવા માટે ખાસ ખીદમત ઉઠાવવી પડે. આ બધી જંજાળમાં તમારી પાસે આવીને બેસી શકાતું નથી. '

' આ જંજાળ તો સદાની થઈ, એ એમ ક્યાં છૂટવાની છે ?' મુનિએ પોતાની મર્યાદા બહાર જઇને આ શબ્દો ઉચ્ચાર્યા અને કોશા તરફ વિકાર યુક્ત દૃષ્ટિપાત કર્યો.

કોશાએ જોઇ લીધું કે મુનિનું મન ચળ્યું છે અને તે પોતાની સાધનાનો માનસિક ભંગ કરી ચૂકયા છે, એટલે તેમને ઠેકાણે લાવવા માટે કહ્યું:–' મુનિરાજ, સરોવર કિનારે આવીને તરસ્યા રહેવાનો કંઈ અર્થ નથી. પરંતુ અમારો ધંધો એવો રહ્યો કે જેની પાસે ધન હોય તેને જ બોલાવીએ, માટે એક કામ કરો કે અહીંથી નેપાળદેશમાં જાઓ અને ત્યાંનો રાજા પહેલી વાર જનાર મુનિઓને રત્નકંબલ આપે છે, તે લઈ આવો. તો તમારા મનની મુરાદ પૂરી થશે. '

બસ થઈ ચૂકયું. કોશાનો પ્રેમ પાળવાને મુનિએ એક જ સ્થળે ચાતુર્માસ ગાળવાની પ્રતિજ્ઞા તોડી અને નેપાળનો રાહ લીધો. ત્યાં જતાં રાજાએ રત્નકંબલ આપી અને તે લઇને પાછા ફર્યા. રસ્તામાં ચોર–ચખારના હાથે ખૂબ પજવણી થઈ, છતાં સહીસલામત પાછા આવી ગયા અને કોશાના હાથમાં રત્નકંબલ મૂકવાને સમર્થ થયા.

કોશાએ રોજનું સ્નાન કર્યા પછી એ રત્નકંબલથી પોતાનું શરીર લૂછયું અને તેને બાજુની ખાળમાં ફેંકી દીધી. આ જોઈને મુનિ હાહાકાર કરતાં બોલ્યાઃ 'અરે! તેં આ શું કર્યું? જેને માટે મેં આટઆટલી મુશીબતો વેઠી તે રત્નકંબલને ખાળમાં કેમ ફેંકી દીધી?' કોશાએ ઠાવકાઇથી કહ્યું: 'એમાં મેં વિશેષ શું કર્યું છે? જે તમે કર્યું છે તે મેં કર્યું છે.' મુનિએ પૂછયું: 'એ કેવી રીતે?' કોશાએ કહ્યું: 'રત્નકંબલ કરતાં અનેકગણું મૂલ્યવાન ચારિત્ર તમે વિષયની ખાળમાં ફેંકી દીધું નથી? નેપાલ જઇને રત્નકંબલ લાવવામાં જે મહેનત પડી છે, તેના કરતાં અનેકગણી વધારે મહેનત મનુષ્યભવને પ્રાપ્ત કરવામાં તથા આવું સુંદર ચારિત્ર મેળવવામાં નથી પડી? એ સઘળું શું ભૂલી ગયા? આ દેહ તો માટીનો પિંડ છે અને તેને ચૂંથવામાં કંઈ પણ સાર નીકળવાનો નથી.'

કોશાનાં આ વચનોએ મુનિનું મન ઠેકાણે આણી દીધું અને તેમણે કોશાનો પરમ ઉપકાર માન્યો. પછી ચાતુર્માસ પૂર્ણ થયે ગુરુ પાસે ગયા અને બનેલી સર્વ હકીકત જણાવીને થયેલી સ્ખલના માટે પ્રાયશ્ચિત્ત લીધું. તાત્પર્ય કે–જે સંયોગોએ યોગી સ્થૂલભદ્રના ચિત્તને જરાયે ચલાયમાન કર્યું ન હતું, તે સંયોગોએ સિંહની ગુફા આગળ રહીને તપશ્ચર્યા કરનાર મુનિના ચિત્તને ચલાયમાન કર્યું.

કાલક્રમે યોગી સ્થૂલિભદ્ર શ્રીભદ્રબાહુસ્વામી પાસે ગયા અને તેમની પાસેથી દશ પૂર્વો [અગાધ જ્ઞાન] અર્થ સહ તથા ચાર પૂર્વો મૂલમાત્ર શીખીને ચૌદપૂર્વધારી થયા અને શ્રુતકેવલી કહેવાણા.

પૂર્વી થઇને તાર્યા પ્રાણી થોક જો,
ઉજ્જવલ ધ્યાને તેહ ગયા દેવલોક જો;
ઋષભ કહે નિત્ય તેમને કરીએ વંદના જો. ૧૭

એ રીતે ચૌદપૂર્વી થઇને તેમણે અનેક પ્રાણીઓને સન્માર્ગ દેખાડી તેમનો ઉદ્ધાર કર્યો, પછી ઉજ્જવલ ધ્યાને કાળધર્મ પામતાં દેવલોકમાં ઉત્પન્ન થયા, જ્યાંથી ચ્યવીને કાલક્રમે મોક્ષે જશે. કવિ ઋષભદાસ કહે છે કે–આવા મહાયોગીને પ્રતિદિન ભક્તિભાવથી વંદના કરવી ઘટે છે.

: ૨ :

યોગનું સ્વરૂપ

યોગવિશારદોએ યોગની વ્યાખ્યા જુદી જુદી રીતે કરી છે. કોઇએ કહ્યું છે કે 'આત્મા અને પરબ્રહ્મનું ઐક્ય તે [1]યોગ.' કોઇએ કહ્યું છે કે 'જીવાત્માનો પરમાત્મા સાથે સંયોગ તે [2]યોગ.' કોઇએ કહ્યું કે 'ચિત્તની વૃત્તિઓનો નિરોધ તે [3]યોગ.' કોઇએ કહ્યું છે કે 'કર્મમાં કુશલતા તે [4]યોગ.' અને કોઇએ કહ્યું છે કે 'સમત્વ તે [5]યોગ.' અપેક્ષા–વિશેષથી આ બધી વ્યાખ્યાઓ સાચી છે.

---

१ **परेण ब्रह्मणा सार्धमेकत्वं यन्नृपात्मनः ।**
योगः स एव विख्यातः, किमन्यद् योगलक्षणम् ? ॥
હે રાજન્ ! આત્માનું પરબ્રહ્મની સાથે જે એક–પણું તે જ યોગ કહ્યો છે. યોગનું લક્ષણ બીજું શું હોય ?

२ **संयोगो योग इत्युक्तो जीवात्मपरमात्मनोः ।**
જીવાત્મા અને પરમાત્માનો સંયોગ યોગ કહેવાય છે.

३ **योगश्चित्तवृत्तिनिरोधः ।** યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ.

४ **योगः कर्मसु कौशलम् ।** યોગ એટલે કર્મમાં કુશલતા.

५ **समत्वं योगमुच्यते ।** સમત્વને યોગ કહેવાય છે.

આત્મા અથવા જીવાત્મા એટલે સામાન્ય કે બહિર્મુખ આત્મા. તે જેના વડે પરબ્રહ્મમાં જોડાઈ શકે–લીન થઈ શકે કે પરમાત્મપદની સાથે સંયોગ પામી શકે તે યોગ. અહીં '**योजनाद् योगः**' એ વ્યુત્પત્તિનો આધાર લેવામાં આવ્યો છે અને સામાન્ય આત્માનું ઉત્થાન કરીને તેને પરમાત્મા બનાવી શકે તેવી ક્રિયાને યોગની સંજ્ઞા આપવામાં આવી છે.

બહિર્મુખ આત્મા અને પરમાત્મામાં તફાવત એ હોય છે કે–પહેલામાં ચિત્તની વૃત્તિઓનો ઘણો જ વિક્ષેપ હોય છે, ત્યારે બીજામાં તે તમામ વૃત્તિઓ સમાહિત થઈ ગયેલી હોય છે. એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ કરીને તેને સમાહિત બનાવનારી જે ક્રિયા તે યોગ, એમ કહેવામાં પણ મુખ્ય આશય બહિર્મુખતાને દૂર કરી અંતર્મુખતા પ્રકટાવવાનો અને એ રીતે આત્મસ્વરૂપમાં તદાકાર થઈને છેવટે પરમાત્મપદ પામવાનો છે.

આત્માના ઉત્થાન માટે જે ક્રિયાઓ અવશ્ય કરવા યોગ્ય છે, તે 'કર્મ' કહેવાય છે. આવું કર્મ કરવામાં કુશલતા રાખવાથી બહિર્મુખતા ટળતી જાય છે, અંતર્મુખતા પ્રકટતી જાય છે અને છેવટે પરમાત્માનો પ્રકાશ થાય છે. એટલે કર્મની કુશલતાનું તાત્પર્ય પણ પરમાત્મપદની પ્રાપ્તિ જ છે.

રાગથી ખરડાવું નહિ કે દ્વેષને વશ થવું નહિ, તેને સમત્વ કહેવાય છે. આવું સમત્વ ઉત્પન્ન થતા વીતરાગતા પ્રકટે છે અને તે જ પરમાત્માની સ્થિતિ છે. એટલે સમત્વથી પણ આત્માને પરમાત્મા બનાવનારી ક્રિયા જ અભિપ્રેત છે.

આ રીતે બધી વ્યાખ્યાઓનું તાત્પર્ય એ નીકળે છે કે–આત્માને પરમાત્મા બનાવનારી ક્રિયા તે યોગ.

હવે નિર્ગ્રંથ મહર્ષિઓએ યોગની જે વ્યાખ્યા કરી છે, તેનો મર્મ સમજીએ. પરમયોગવિશારદ પરમપ્રજ્ઞાનિધાન શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું છે કે—

मुक्खेण जोयणाओ जोगो सव्वो वि धम्मवावारो ।
परिसुद्धो विन्नेओ, ठाणाउगओ विसेसेणं ॥ १ ॥

પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલો એવો સર્વ પણ ધર્મ-વ્યાપાર મોક્ષમાં જોડનારો હોવાથી યોગ જાણવો (આ વ્યાખ્યા **योजनाद् योगः** એ વ્યુત્પત્તિને સિદ્ધ કરવા માટે કરી, પરંતુ) વિશેષતાથી કહીએ તો સ્થાનાદિગત એવો જે ધર્મવ્યાપાર તેને યોગ જાણવો.

સ્થાનાદિગત ધર્મ-વ્યાપારનું સ્વરૂપ—

ठाणुन्नत्थालंबणरहिओ तंतम्मि पंचहा भणिओ ।

શાસ્ત્રોમાં પાંચ પ્રકારનું કહેલું છે. તે આ રીતે **ठाण** કહેતાં સ્થાનાદિગત ધર્મવ્યાપાર. તેમાં સ્થાનથી કાયોત્સર્ગ, પદ્માસન, પર્યંકાસન વગેરે આસનો સમજવાં. **उन्न** કહેતાં વર્ણગત ધર્મવ્યાપાર. તેમાં વર્ણથી સૂત્રગત× વર્ણો–શબ્દો

× સૂત્રનું લક્ષણ–

अल्पाक्षरमसन्दिग्धं सारवद्विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥

થોડા અક્ષરોવાળું હોય, સંદેહરહિત હોય, સારવાળું હોય, સર્વભણી મુખવાળું હોય એટલે કે યથાયોગ્ય અન્વય થવાની યોગ્યતાવાળું હોય, નિરર્થક શબ્દ વિનાનું હોય અને નિર્દોષ હોય, તેને સૂત્રવેત્તાઓ સૂત્ર જાણે છે.

સમજવા. અર્થ કહેતાં અર્થગત ધર્મવ્યાપાર. તેમાં અર્થથી સૂત્રનો અભિધેય વિશેષ સમજવો. આલંબન કહેતાં આલંબન-ગત ધર્મવ્યાપાર. તેમાં આલંબનથી પ્રતિમાદિ બાહ્ય વિષયોનું ધ્યાન સમજવું અને રહિત કહેતાં આલંબન રહિત ધર્મવ્યાપાર. તેને નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ સમજવી. તાત્પર્ય કે– કોઈ પણ સુખાસનનો સ્વીકાર કરીને વીતરાગ મહાપુરુષોએ કહેલાં સારાભૂત વચનો અને તેના અભિધેય વિષયનું અનન્ય શ્રદ્ધાપૂર્વક ચિંતન કરવું તથા તેમની પ્રતિમા વગેરેનું આલંબન લઈને ધ્યાનસ્થ થવું અને છેવટે સર્વ બાહ્ય આલંબનોનો ત્યાગ કરીને નિજ સ્વરૂપમાં જ મગ્ન થવું તે યોગની ક્રિયા છે.

અન્ય સ્થળે તેમણે યોગનો પરિચય આ રીતે આપ્યો છેઃ

अध्यात्मं भावना ध्यानं, समता वृत्तिसंक्षयः ।
मोक्षेण योजनाद्योग, एष श्रेष्ठो यथोत्तरम् ॥ १ ॥

અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય મોક્ષમાં જોડનારા હોવાથી યોગ કહેવાય છે. યોગની આ પાંચે ભૂમિકાઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે; એટલે અધ્યાત્મથી ભાવના પ્રકટે છે, ભાવનાથી ધ્યાન પ્રકટે છે, ધ્યાનથી સમતા પ્રકટે છે અને સમતા પ્રકટવાથી વૃત્તિનો સંપૂર્ણ ક્ષય થાય છે, જે પરમાત્માની અવસ્થા છે.

અધ્યાત્મની ઓળખાણ આપતાં તેમણે કહ્યું છે કે—

अध्यात्ममत्र परम–उपायः परिकीर्तितः ।
गतौ सन्मार्गगमनं, यथैव ह्यप्रमादिनः ॥ १ ॥

મોક્ષને માટે જુદાં જુદાં અનેક સાધનોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તેમાં અનુભવી પુરુષોએ અધ્યાત્મને જ પરમ ઉપાય કહ્યો છે. અધ્યાત્મ એટલે અપ્રમાદી આત્માઓનું આ સંસારને વિષે સન્માર્ગમાં પ્રવર્ત્તન.

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે પણ અધ્યાત્મનો અર્થ લગભગ આવો જ કર્યો છે. તેઓ અધ્યાત્મસારમાં કહે છેઃ–

गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।
प्रवर्त्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥ १ ॥

જે આત્માઓ પરથી મોહનો અધિકાર ચાલ્યો ગયો છે, એવા આત્માઓની આત્માને ઉદ્દેશીને થતી શુદ્ધ ક્રિયાને જિનેશ્વરોએ અધ્યાત્મ કહ્યું છે.

અપ્રમાદી થઈને સન્માર્ગમાં પ્રવર્ત્તવું અને મોહરહિત થઈને આત્મસુધારણા માટે ક્રિયાશીલ થવું એ તાત્ત્વિક રીતે એક જ છે.

ભાવના એટલે અનિત્યાદિ બાર ભાવનાઓ અથવા મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવના. તેનાં અનિત્યાદિ બાર ભાવનાનો પરિચય અમે ભાવનાસૃષ્ટિમાં વિસ્તારથી કરાવ્યો છે અને મૈત્રી આદિ ચાર ભાવનાનું સ્વરૂપ અહીં સંક્ષિપ્તમાં જણાવીએ છીએ.

'કોઈપણ જીવો પાપ ન કરો, કોઈપણ દુઃખી ન થાઓ અને આ જગત્‌ના સર્વ જીવો કર્મથી મુક્ત થાઓ, આ પ્રકારની ભાવના મૈત્રી કહેવાય છે. જીવહિંસાદિક સમગ્ર દોષોને દૂર

કરનારા અને યથાસ્થિત વસ્તુતત્ત્વને જોવાવાળા મહાપુરુષોના શમ, દમ, ઔચિત્ય, ગાંભીર્ય, ધૈર્ય આદિ ગુણો તેનો પક્ષપાત કરવો એટલે કે તેમાંથી આનંદ થવો તે પ્રમોદ ભાવના છે. દીન, દયાપાત્ર, આર્ત્ત, તૃષ્ણારૂપી અગ્નિવડે કરીને બળી રહેલા, વિવિધ દુઃખોથી પીડાયેલા, વૈરીથી દબાયેલા, રોગથી પીડાયેલા, મૃત્યુના મુખમાં સપડાયેલા જીવોને તે તે દુઃખોમાંથી મુક્ત કરવા માટે હિતોપદેશ તથા દેશકાલની અપેક્ષાએ અન્ન, પાન, આશ્રય, વસ્ત્ર, ઔષધિ વગેરેવડે મદદ કરવી તે કરુણા ભાવના કહેવાય છે. અને ગમ્યાગમ્ય, ભક્ષ્યાભક્ષ્ય, કર્ત્તવ્યાકર્ત્તવ્યાદિ વિવેક વિનાના અને તેથી ક્રૂર કર્મ કરવાવાળા નિઃશંકપણે દેવ-ગુરુની નિંદા કરનારા અને સદ્દોષ છતાં પોતાની પ્રશંસા કર-નારા જીવો ધર્મદેશનાને અયોગ્ય જણાતાં, તેઓની ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ ભાવના કહેવાય છે.'×

આ ભાવનાઓનું મહત્ત્વ નીચેની પંક્તિઓથી સમજાય છેઃ—

मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थानि नियोजयेत् ।
धर्मध्यानमुपस्कर्तुं तद्धि तस्य रसायनम् ॥ १ ॥

ધર્મધ્યાન પ્રાપ્ત કરવા માટે આત્માને મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવનામાં જોડવો, કારણ કે તે જ તેનું રસાયણ છે.

ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા. તેનો વિચાર અમે '**મનનાં મારણ**'માં વિસ્તારથી કર્યો છે, એટલે જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવો.

× યોગશાસ્ત્ર.

સમતા એટલે સમત્વ.

વૃત્તિસંક્ષય એટલે ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને કામવાસનાનો સંપૂર્ણ ક્ષય. મોહનીયકર્મની આ તમામ વૃત્તિનો સંપૂર્ણ ક્ષય થતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે અને આત્મા પરમાત્મા બને છે.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યે યોગનો પરિચય આ રીતે આપ્યો છે:—

चतुर्वर्गेऽग्रणीर्मोक्षो योगस्तस्य च कारणम् ।
ज्ञानश्रद्धानचारित्ररूपरत्नत्रयं च सः ॥ १ ॥

પુરુષાર્થનાં મુખ્ય પ્રયોજનને વર્ગ કહેવામાં આવે છે. આવા વર્ગો ચાર છે: (૧) ધર્મ, (૨) અર્થ, (૩) કામ અને (૪) મોક્ષ. તેમાં સત્પુરુષોએ પ્રતિષ્ઠિત કરેલા વ્યવહારોને ધર્મ કહેવાય છે; ખેતીવાડી, વેપાર, ઉદ્યોગ, રાજ્યવ્યવસ્થા વગેરે આર્થિક ઉત્પાદનનાં સાધનો તથા તે દ્વારા એકત્ર થતી સંપત્તિને અર્થ કહેવાય છે; આનંદ-પ્રમોદ, મોજશોખ કે વિષય-ભોગને કામ કહેવાય છે અને આધિ, વ્યાધિ તથા ઉપાધિના મૂળ કારણરૂપ કર્મબંધનોને છેદવાં તે મોક્ષ કહેવાય છે. આ ચાર વર્ગમાં શ્રેષ્ઠતા મોક્ષની છે, એ નિર્વિવાદ છે.

સાંખ્ય, વૈશેષિક, ન્યાય, બૌદ્ધ વગેરે તમામ અગ્રગણ્ય દર્શનો એ તત્ત્વની વિચારણામાં નિઃશ્રેયસ અથવા મોક્ષને જ પ્રાધાન્યપદ આપેલું છે. આ મોક્ષપ્રાપ્તિનો ઉપાય યોગ છે અને તે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયી છે. તાત્પર્ય કે-મોક્ષમાં જોડનારો સર્વ ધર્મવ્યાપાર

તે યોગ છે અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર મોક્ષમાં જોડનારો ધર્મવ્યાપાર છે, માટે તે યોગ છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર વ્યવહારથી જુદા જુદા છે, પણ નિશ્ચયથી તો આત્માનું પોતાનું જ સ્વરૂપ છે; એટલે આત્મસ્વરૂપની પ્રાપ્તિ, આત્મદર્શન કે આત્માની શક્તિઓનો સાક્ષાત્કાર એ જ યોગ છે, એમ માનવામાં કોઈ જાતની હરકત નથી. અને આમ માનતાં જે મહાત્માઓએ 'अथ तद्दर्शनाभ्युपायो योगः તે આત્મદર્શનનો ઉપાય યોગ છે' 'सूक्ष्मतां चान्ववेक्षेत योगेन परमात्मनः યોગવડે પરમાત્માની સૂક્ષ્મતાનો સાક્ષાત્કાર કરવો' વગેરે જે વચનો કહ્યાં છે તે સંગત ઠરે છે. તથા જે એમ કહેવાયું છે કે—

स्नातं तेन समस्ततीर्थसलिले सर्वाऽपि दत्तावनि-
र्यज्ञानां च सहस्रमिष्टमखिला देवाश्च संपूजिताः ।
संसाराच्च समुद्धृताः स्वपितरस्त्रैलोक्यपूज्योऽप्यसौ,
यस्य ब्रह्मविचारणे क्षणमपि, स्थैर्यं मनः प्राप्नुयात् ॥ १ ॥

જે મનુષ્યનું મન આત્મવિચારણામાં ક્ષણ પણ સ્થિરતા પ્રાપ્ત કરે છે તેણે સકલ તીર્થોનાં જલમાં સ્નાન કર્યું છે, સમસ્ત પૃથ્વીનું દાન દીધું છે, હજારો યજ્ઞ કર્યા છે, સર્વ દેવોને સારી રીતે પૂજ્યા છે, પોતાના પિતૃઓનો સંસારથી ઉદ્ધાર કર્યો છે અને તે ત્રણે લોકમાં પૂજ્ય છે.

कुलं पवित्रं जननी कृतार्था,
विश्वंभरा पुण्यवती च तेन ।

अपारसंवित्सुखसागरेऽस्मिन्-
लीनं परे ब्रह्मणि यस्य चेतः ॥ १ ॥

જે મનુષ્યનું ચિત્ત અપાર જ્ઞાન અને આનંદના સાગરરૂપ પરબ્રહ્મમાં લીન થાય છે, તેનું કુલ પવિત્ર છે, તેની માતાને ધન્ય છે અને તેનાથી જ પૃથ્વી પાવન થાય છે.

તે સર્વે યોગનો જ મહિમા ઠરે છે.

અનુભવી પુરુષોનો એ સ્પષ્ટ અભિપ્રાય છે કે—

इज्याचारदमाहिंसा-दानस्वाध्यायकर्मणाम् ।
अयं तु परमो धर्मो, यद्योगेनात्मदर्शनम् ॥१॥

इज्या એટલે વિવિધ પ્રકારના યજ્ઞ-યાગો, **आचार** એટલે સ્નાનાદિ બાહ્ય આચારો, **दम** એટલે ઇંદ્રિયોનું શુષ્ક દમન, **अहिंसा** એટલે જીવદયા, **दान** એટલે પરોપકાર કરવાની પ્રવૃત્તિઓ અને **स्वाध्याय** એટલે શાસ્ત્રનું પઠનપાઠન આદિ તમામ કર્મોમાં યોગવડે થતું આત્મદર્શન જ પરમ ધર્મ છે.

યોગ વિષે કેટલોક વાદવિવાદ ચાલે છે. એક એમ કહે છે કે ભક્તિયોગથી જ મોક્ષ મળે છે, ત્યારે બીજા એમ કહે છે કે જ્ઞાન વિના ભક્તિ શી રીતે થાય ? માટે મોક્ષ તો જ્ઞાનયોગથી જ મળે છે. ત્યારે ત્રીજા એમ કહે છે કે ભક્તિ અને જ્ઞાન પણ એક પ્રકારનું કર્મ નહિ તો બીજું શું છે ? ઇશ્વરની ભકિત કરવી કે આત્માનું જ્ઞાન કરવું એ પણ એક પ્રકારનું કર્મ છે, માટે મોક્ષ તો કર્મયોગથી જ મળે છે. પરંતુ આ બધાં એકાંત વચનો છે. મોક્ષ કે આત્માનું દર્શન નથી

તો એકલી ભક્તિથી થતું, નથી તો એકલા જ્ઞાનથી થતું કે નથી તો એકલા કર્મથી થતું પણ એ ત્રણેના સંયુક્ત અનુસરણથી જ થાય છે.

ભક્તિ કરવી હોય તો આત્મા–પરમાત્મા વગેરેનું જ્ઞાન જોઇએ અને તે અનુસાર કર્મ એટલે ક્રિયા પણ જોઇએ. જ્ઞાન અને કર્મ વિના આજ સુધી કોઈએ ભક્તિ કરી છે ખરી? જ્ઞાનથી અહીં શાસ્ત્રજ્ઞાન નહિ પણ આત્મજ્ઞાન સમજવાનું છે. તે જ રીતે જેઓ આત્મજ્ઞાની થયા તે ભક્તિ એટલે શ્રદ્ધા અને કર્મ એટલે સદાચાર વગેરેના બળથી જ થયા છે. તથા જેઓ કર્મયોગી કહેવાયા છે, તેમણે પણ ભક્તિ અને જ્ઞાનનો આશ્રય અવશ્ય લીધેલો છે. જો તેમને સિદ્ધાંતો પ્રત્યે ભક્તિ-શ્રદ્ધા ન હોત તો તેઓ પોતાના માર્ગમાં કેવી રીતે ટકી શકયા હોત? અથવા સિદ્ધાંતોનું વાસ્તવિક જ્ઞાન ન હોત તો પણ તેમણે કર્મમાર્ગમાં શી રીતે પ્રવૃત્તિ કરી હોત? એટલે ભક્તિ, જ્ઞાન અને કર્મ એ ત્રણે સાધનોના સંયુક્ત ઉપયોગથી જ સાચી યોગસાધના થઈ શકે છે. અહીં એટલું સ્પષ્ટીકરણ કરવું વ્યાજબી લેખાશે કે અનેકાંતમાં માનનારા નિર્ગ્રંથ મહર્ષિઓએ '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે' એમ કહીને આ વિવાદનું સુંદર સમાધાન કરેલું છે. સમ્યગ્દર્શનમાં શ્રદ્ધા પ્રધાન હોવાથી તેને લગતી પ્રવૃત્તિઓ એક પ્રકારનો ભકિતયોગ છે અને સમ્યગ્જ્ઞાનમાં મિથ્યાત્વના પરિહારપૂર્વક તત્ત્વના બોધની મુખ્યતા હોવાથી તેને લગતી પ્રવૃત્તિઓ

એક પ્રકારનો જ્ઞાનયોગ છે અને સમ્યક્ચારિત્રમાં ચરણ-કરણનું અગ્રેસરપણું હોવાથી તેને લગતી પ્રવૃત્તિઓ એક પ્રકારનો કર્મયોગ છે. આ ત્રણે સાથે મળે ત્યારે જ મોક્ષ છે. આ રીતે ત્રણે યોગનો સમન્વય કર્યા પછી તેમણે એ પણ કહ્યું છે કે-સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન વિના સંભવતું નથી એટલે સમ્યગ્જ્ઞાન-માં સમ્યગ્દર્શનનો અંતર્ભાવ થઈ શકે છે તેથી સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા એ મોક્ષનો માર્ગ છે એમ પણ કહી શકાય; અને સમ્યક્ક્રિયા સમ્યગ્જ્ઞાન વિના સંભવતી નથી એટલે સમ્યક્ક્રિયા એ જ મોક્ષનો માર્ગ છે એમ કહેવામાં પણ કંઈ હરકત નથી. તાત્પર્ય કે-ભકિતયોગ જ્ઞાનયોગમાં અંતર્ગત થાય છે, એટલે કર્મયોગ બધા કરતાં ચડિયાતો છે. અહીં કર્મયોગથી સમ્યક્ચારિત્ર અભિપ્રેત છે, એ ભૂલવાનું નથી.

નિર્ગ્રંથ મહર્ષિઓએ સમ્યક્ચારિત્રમાં સંવર અને નિર્જરાનો સમાવેશ કર્યો છે અને આ બે તત્ત્વો એવાં વ્યાપક કર્યાં છે કે તેમાં યોગની, આત્મદર્શનની સર્વ સુવિહિત પ્રણાલિકાઓનો સમાવેશ થઈ જાય છે. આ વાત જરા વિસ્તારથી સમજીએ. સંવરના મુખ્ય ભેદો સત્તાવન છે. તે આ રીતેઃ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીસ પરિષહ, દસ પ્રકારનો યતિધર્મ, બાર ભાવના અને પાંચ પ્રકારનું ચારિત્ર. તેમાં પાંચ સમિતિ જીવનનો સઘળો વ્યવહાર સમ્યગ્રીતિએ ચલાવવાનો અનુરોધ કરે છે. સમ્યગ્રીતિએ ચાલવું, સમ્યગ્રીતિએ બોલવું, સમ્યગ્રીતે આહાર-પાણીની ગવેષણા કરવી, સમ્યગ્રીતિએ વસ્ત્ર-પાત્રાદિ સાધનો લેવાં-મૂકવાં અને સમ્યગ્રીતિએ મલ તથા નકામી ચીજોનું વિસર્જન કરવું. ત્રણ ગુપ્તિઓ મનનો નિગ્રહ કેમ કરવો,

વચનનો નિગ્રહ કેમ કરવો અને કાયાનો નિગ્રહ કેમ કરવો તે શીખવે છે. બાવીસ પરિષહ તિતિક્ષાની તાલીમ આપે છે. દસ પ્રકારનો યતિધર્મ યમ, નિયમ, તપ અને પવિત્રતાને લગતા સર્વે અગત્યના ધર્મોનું પ્રતિપાદન કરે છે. બાર ભાવના અધ્યાત્મની પ્રબલ પુષ્ટિ કરે છે અને પાંચ પ્રકારનું ચારિત્ર કે જેનો પ્રારંભ સામાયિકથી થાય છે, તેમાં આધ્યાત્મિક પ્રગતિના સર્વ ઉપાયો કામે લગાડેલા છે.

નિર્જરાના મુખ્ય ભેદો બાર છે. તે આ રીતેઃ અનશન, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ. તેમાં અનશન, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ અને રસત્યાગ મુખ્યત્વે કાયાની શુદ્ધિ માટે છે, એટલે કે તેનાં વિષય-વિકાર કેમ ઓછાં થાય, તે દૃષ્ટિએ યોજાયેલાં છે. કાયક્લેશમાં સામાન્ય રીતે સર્વ પ્રકારની તિતિક્ષાનો અને વિશેષ રીતે વિવિધ પ્રકારનાં આસનોનો વિચાર કરેલો છે. સંલીનતામાં ઇંદ્રિયો અને કષાયોનો જય બતાવેલો છે તથા એકાંતસેવનની હિમાયત કરેલી છે. પ્રાયશ્ચિત્ત, વિનય અને વૈયાવૃત્ય એ મુખ્યત્વે માનસિક શુદ્ધિ માટે યોજાયેલાં છે. સ્વાધ્યાય જ્ઞાનની વૃદ્ધિ માટે છે, ધ્યાન ચિત્તની એકાગ્રતા માટે છે અને ઉત્સર્ગ કષાયાદિ સર્વ વૃત્તિઓનો ત્યાગ કરીને નિજસ્વરૂપમાં મગ્ન થવા માટે છે.

સંવર અને નિર્જરાનું આ સ્વરૂપ એમ બતાવવાને પૂરતું છે કે-નિર્ગ્રંથ મહર્ષિઓ પરમ યોગી હતા અને યોગની સર્વ પ્રણાલિકાઓ અને તેના રહસ્યથી પૂરેપૂરા માહિતગાર હતા, જેથી તેનાં સર્વ પ્રશસ્ત અંશોનો આ રીતે સંગ્રહ કરી શકયા છે.

અહીં પ્રસંગાનુસાર એક વસ્તુ કહી દઈશું કે જેમણે યોગનો ઉત્કૃષ્ટ આનંદ માણ્યો છે અથવા અધ્યાત્મરસનું પૂર્ણ પાન કર્યું છે તેમનો અંતિમ અભિપ્રાય એવો છે કે—

वादाँश्च प्रतिवादाँश्च, वदन्तो निश्चिताँस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद् गतौ ॥ १ ॥

વાદો અને પ્રતિવાદો કરવાથી તથા 'આ વસ્તુ આમ જ છે અને આ વસ્તુ તેમ જ છે' એવા નિશ્ચયકારી એકાંત વચનો બોલવાથી તત્ત્વનો પાર પામી શકાતો નથી. જેઓ વાદ-વિવાદોમાં મચ્યા રહે છે, તેમની સ્થિતિ આ સંસારમાં ઘાણીના બળદ જેવી છે. તાત્પર્ય કે-ઘાણીનો બળદ ઘણું ઘણું ફરે છે પણ પોતાના મૂળ સ્થાને જ ઊભો રહે છે, તેમ જેઓ માત્ર વાદ-વિવાદો કર્યા કરે છે પણ આત્મદર્શન માટે ઉદ્યત થતા નથી, તેઓ કંઈ પણ પ્રગતિ કરી શકતા નથી.

શ્રીમચ્છંકરાચાર્યે પણ શબ્દજાળને મહાઅરણ્ય કહીને તેમાં ભૂલા ન પડતાં આત્મદર્શન કરી લેવાની હાકલ કરી છે અને મહાત્મા સુંદરદાસે પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે-'ભાઈઓ ! પુરાણોનો પાર નથી, વેદોનો અંત નથી અને સાધુ-મહાત્માઓની વાણી પણ અપાર છે. તે બધા પર કેટલું અને ક્યાં ચિત્ત દેશો ? માટે એ બધાના સારરૂપ એક કામ કરો કે શાંત ચિત્તે પ્રભુનું ધ્યાન ધરવું.'

એટલે આ ક્ષણભંગુર જીવનમાં જેને આત્મહિત સાધી લેવું છે તેણે વાદ-વિવાદના ચક્કરમાં પડ્યા વિના આત્મદર્શન માટે જ ઉદ્યમ કરવો અને તે જ સાચી યોગસાધના છે.

: ૩ :

યોગસાધના

યોગનો મહિમા જાણ્યા પછી તથા તેના સ્વરૂપનો ખ્યાલ મેળવ્યા પછી તેની સાધનામાં પ્રવૃત્ત થવું તે જરૂરી છે. કારણ કે—

क्रियायुक्तस्य सिद्धिः स्या–दक्रियस्य कथं भवेत् ?।
न शास्त्रपाठमात्रेण, योगसिद्धिः प्रजायते ॥ १ ॥

ક્રિયા યુક્તને સિદ્ધિ થાય પણ અક્રિયાવાનને કેમ થાય ? યોગનાં શાસ્ત્રો વાંચી જવાથી કે સાંભળવા માત્રથી યોગની સિદ્ધિ થતી નથી.

યોગસાધનાનાં મુખ્ય અંગો બે છેઃ (૧) વૈરાગ્ય અને (૨) અભ્યાસ.× વૈરાગ્ય એટલે પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે

× **वैराग्यादभ्यासाच्च**–વૈરાગ્ય અને અભ્યાસથી ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે. સાંખ્ય દર્શન.

अभ्यासवैराग्याभ्यां तन्निरोधः । પાતંજલ યોગદર્શન.

अभ्यासेन तु कौन्तेय! वैराग्येण च गृह्यते । હે અર્જુન ! અભ્યાસ અને વૈરાગ્યવડે એ ચિત્તનો નિરોધ અવશ્ય કરી શકાય છે. ગીતાજી.

વિરક્તિ કે સાંસારિક સુખો પ્રત્યે ઉદાસીનતા. તે જ્યાં સુધી પેદા ન થાય ત્યાં સુધી યોગસાધના યથાર્થ રીતે થઈ શકતી નથી, બીજા શબ્દોમાં કહીએ તો આપણી સામે બે માર્ગો પડેલા છે, એક ભોગનો અને બીજો યોગનો. તેમાંથી ભોગનો માર્ગ છોડી યોગનો માર્ગ પસંદ કરવો જોઇએ અને તો જ તેની સાધના વાસ્તવિક રીતે થઈ શકે. આ કારણે જ નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કે—

अधुवं जीवियं नच्चा, सिद्धिमग्गं वियाणिया ।
विणिअट्टेज्ज भोगेसु, आउं परिमिअमप्पणो ॥ १ ॥

માનવ જીવન નશ્વર છે, તેમાં પણ આપણું આયુષ્ય ઘણું પરિમિત છે. એક મોક્ષમાર્ગ જ અવિચલ છે. આમ જાણીને કામભોગોથી નિવૃત્ત થવું જોઇએ.

उवलेवो होइ भोगेसु, अभोगी नोवलिप्पई ।
भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चई ॥ १ ॥

જે મનુષ્ય ભોગમાં આસક્ત છે તે કર્મથી ખરડાય છે પણ ભોગમાં અનાસક્ત કર્મથી ખરડાતો નથી. ભોગી સંસારમાં પરિભ્રમણ કરે છે, ત્યારે ભોગવિરક્ત કર્મબંધનોથી મુક્ત થાય છે.

जे केइ सरीरेऽसत्ता, वण्णे रूवे य सव्वसो ।
मणसा काय वक्केणं, सव्वे ते दुक्खसंभवा ॥ १ ॥

જે કોઈ મન, વચન અને કાયાથી શરીરમાં, વર્ણમાં કે રૂપમાં આસક્ત છે, તે સર્વે પોતાના માટે દુઃખ ઉત્પન્ન કરે છે.

માટે—

संबुज्झह ! किं न बुज्झह ? संबोही खलु पेच्च दुल्लहा ।
नो हूवणमन्ति राइओ, नो सुलभं पुणरवि जीवियं ॥१॥

હે મહાનુભાવો, સમજો ! બરાબર સમજો ! ! તમે એટલું કેમ સમજતા નથી કે પરલોકમાં સમ્યગ્બોધિ (દર્શન, જ્ઞાન અને ચારિત્ર) પ્રાપ્ત થવી ઘણી જ મુશ્કેલ છે. જેમ ગયેલી રાત્રિઓ પાછી આવતી નથી તેમ ગયેલું જીવન પણ પાછું આવતું નથી. અર્થાત્ તમને જે સમય અને સંયોગો પ્રાપ્ત થયા છે તેનો બની શકે તેટલી ત્વરાથી મોક્ષ–સાધના માટે ઉપયોગ કરી લ્યો.

વિષયમાં સમાયેલા દોષ અને દુ:ખોનું સ્મરણ કરવાથી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે અને યોગસાધનામાં આગળ વધી શકાય છે.

અભ્યાસની મહત્તા વિષે મહાપુરુષોએ કહ્યું છે કે—

सर्वेषां तु पदार्थानामभ्यासः कारणं परम् ।

સર્વે પદાર્થોનું પરમ કારણ અભ્યાસ છે. એટલે કે અભ્યાસ-વડે સર્વ કંઈ સિદ્ધ થઈ શકે છે.

अभ्यासेन स्थिरं चित्त–मभ्यासेनानिलच्युतिः ।
अभ्यासेन परानन्दो, ह्यभ्यासेनात्मदर्शनम् ॥ १ ॥

મન મર્કટ જેવું ચંચળ છે અથવા ધ્વજાના અગ્રભાગ જેવું અસ્થિર છે, છતાં તેને અભ્યાસથી સ્થિર કરી શકાય છે. શરીરની નવસો નવાણું નાડીઓમાં ફરી રહેલા વાયુને કાબૂમાં

લેવાનું કામ અત્યંત અઘરું જણાય છે, છતાં અભ્યાસથી તેને કાબૂમાં લઇ શકાય છે. પરમાનંદની પ્રાપ્તિ સહેલી નથી, છતાં અભ્યાસનો આશ્રય લેવામાં આવે તો એ પણ થઈ શકે છે અને આત્મદર્શન કે આત્મસાક્ષાત્કાર જે યોગસાધનાનું પ્રધાન લક્ષ્ય છે, તે પણ અભ્યાસથી જ થઈ શકે છે. તેથી સિદ્ધિની કામનાવાળાએ અભ્યાસનો આશ્રય લેવો.

યોગમાર્ગમાં જેઓ આગળ વધ્યા હોય, તેમને પણ અભ્યાસની જરૂર રહે છે. તેથી જ કહેવાયું છે કે—

अनभ्यासेन मर्त्यस्य प्राप्तो योगोऽपि नश्यति ।

જે મનુષ્ય અભ્યાસને છોડી દે છે તેનો પ્રાપ્ત થયેલો યોગ પણ નાશ પામે છે.

યોગસાધનાનાં ઉત્તર અંગો છ છે. તે માટે કહ્યું છે કે—

उत्साहात्साहसाद्धैर्यात् तत्त्वज्ञानाच्च निश्चयात् ।
जनसंगपरित्यागात् षड्भिर्योगः प्रसिद्ध्यति ॥ १ ॥

ઉત્સાહ, હિમ્મત, ધૈર્ય, તત્ત્વજ્ઞાન, દૃઢ નિશ્ચય અને જન-સંગપરિત્યાગ એ છ અંગોથી યોગ સારી રીતે સિદ્ધ થાય છે.

તાત્પર્ય કે—જેને યોગસાધના કરવી છે, તેના હૃદયમાં સહુથી પહેલાં તો એવો ઉત્સાહ જોઈએ કે ' હું યોગસાધના ક્યારે કરું ? અને તેનાં ફલસ્વરૂપે નિજાનંદની મસ્તી કયારે માણું ? ' એક પ્રેયસીને પોતાના પ્રિયતમને મળવા માટે જેવો અને જેટલો તલસાટ હોય છે, તેથી કંઇગુણો અધિક તલસાટ

જ્યારે યોગ-મુમુક્ષુના અંતરમાં જાગે છે, ત્યારે જ યોગની સાધનામાં સાચો પ્રવેશ થાય છે. યોગસાધના માટે ઉત્સાહ પ્રકટયા પછી તેને સાધવાની હિમ્મત કરવી જોઈએ. તાત્પર્ય કે–યોગસાધના અતિ વિકટ છે, તે મારાથી કેમ થઈ શકશે? વખતે તેમાંથી કંઇ બીજું પરિણામ આવશે તો? આ યોગસાધના હું કરું કે ન કરું?' આદિ શંકા અને ભયનાં સ્થાનોને તિલાંજલિ આપી 'આ યોગસાધના હું જરૂર કરી શકીશ' એવા દૃઢ વિશ્વાસ સાથે તેમાં પ્રવેશ કરવાની હિમ્મત કરવી જોઇએ. આ રીતે યોગસાધનામાં પ્રવેશ કર્યા પછી તેનો પ્રસન્ન અને સ્થિર-ચિત્તે નિત્ય અભ્યાસ કરવો જોઈએ, અને તેમાં નાનીમોટી મુશ્કેલીઓ નડે તો તેનો ધૈર્યથી સામનો કરવો જોઇએ. મુશ્કેલીઓ, અડચણો કે આફતોથી ડરી જનારા અને તેથી અંગીકાર કરેલું કાર્ય છોડી દેનારા કદિપણ કોઇ સિદ્ધિને પ્રાપ્ત કરી શકતા નથી, એ વાત સદૈવ યાદ રાખવી ઘટે છે. વળી વિચારો કે વૃત્તિઓનાં વહેણને સ્થિર અને વ્યવસ્થિત કરવા માટે તત્ત્વજ્ઞાન પણ જરૂરી છે. તે સિવાય સાધનામાં જોઇએ તેવું બળ આવતું નથી. જેઓ આત્મા વિષે શ્રદ્ધા ધરાવતા નથી કે તેની નિત્યતામાં અને અનંતશક્તિમાં વિશ્વાસ ધરાવતા નથી તે આત્મદર્શન માટે કઈ રીતે પ્રાણ પાથરે? આ કારણે જ જ્ઞાનીઓએ તત્ત્વની પ્રરૂપણા કરી છે અને તે સર્વ મુમુક્ષુઓ માટે એક સરખી ઉપયોગી છે. જેઓ એમ માને છે કે 'આત્મા છે, તે નિત્ય છે, કર્મનો કર્ત્તા છે, કર્મનો ભોક્તા છે, તેનો મોક્ષ છે અને તેનો ઉપાય ધર્મ છે.' (બીજા શબ્દોમાં કહીએ તો યોગ છે) તેને ગમે તેવાં વિઘ્નો સાધના-

ભ્રષ્ટ કરી શકતા નથી; કારણ કે તે જાણે છે કે આજે નહિ તો કાલે, કાલે નહિ તો પરમ દિવસે, અથવા વરસે, બે વરસે, પાંચ વરસે કે પચીસ વરસે અથવા જન્મના અંતે કે જન્માંતરે પણ આ માર્ગ લીધા સિવાય મારો મોક્ષ થવાનો નથી.

યોગસાધનાનું પાંચમું અંગ નિશ્ચય છે. નિશ્ચય એટલે દૃઢ સંકલ્પ. 'देहं पातयामि वा कार्यं साधयामि–કાં દેહ પડે છે ને કાં કાર્યસિદ્ધિ કરું છું' એવા વિચારને દૃઢ સંકલ્પ કહેવાય છે. જે કાર્ય શંકાશીલ વૃત્તિથી, અધકચરા મને કે 'થયું તો પણ ઠીક અને ન થયું તો પણ ઠીક' એવી દ્વિધા વૃત્તિથી કરવામાં આવે છે, તેમાં દહાડો વળતો નથી, સિદ્ધિ થતી નથી. આ નિયમ જેટલા અંશે વ્યવહારમાં સાચો છે, તેટલા જ અંશે યોગસાધનામાં સાચો છે, બલ્કે તેમાં વ્યવહાર કરતાં પણ અધિક ઉપયોગી છે. જો સંગમ દેવના ઉપસર્ગોથી ભગવાન મહાવીર ચળી ગયા હોત તો કૈવલ્યની પ્રાપ્તિ કદિ પણ કરી શકત ખરા? જો મેઘમાળીએ ઉતારેલી અભૂતપૂર્વ આફતથી શ્રી પાર્શ્વપ્રભુ ડરી ગયા હોત તો તેઓ પરમપદ પર પ્રતિષ્ઠિત થયા હોત ખરા? બાર બાર મહિના સુધી આહારપાણી ન મળવા છતાં યુગાદિદેવે પોતાની યોગસાધના ચાલુ રાખી હતી અને તો જ તેઓ એનાં મીઠાં–મધુરાં ફળો મેળવી શક્યા હતા.

યોગનું છઠ્ઠું અંગ જનસંગપરિત્યાગ છે. અહીં જન શબ્દથી સામાન્ય જનતા કે સંસારના સુખભોગમાં મસ્ત બનેલા માનવીઓ અભિપ્રેત છે. 'જેવો સંગ તેવો રંગ' એ ઉક્તિ પ્રસિદ્ધ છે. યોગીઓના સમાગમમાં યોગની વાત સ્ફુરે છે અને

ભોગીઓના સમાગમમાં ભોગની વાત સ્ફૂરે છે. જેણે મન પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો છે તેને આવી અસર ન થાય, પણ જેઓ હજી સાધક છે અને વાસનાઓનો સંપૂર્ણ ક્ષય કરી ચૂક્યા નથી, તેની વાસનાઓ ભોગીઓના સંસર્ગથી સળવળી ઉઠવાનો સંભવ છે. તેથી જ્યાં શ્રદ્ધા, ભક્તિ, જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય, તપ, જપ વગેરેનું વાતાવરણ હોય તેવા વાતાવરણને પસંદગી આપવી અને ત્યાં રહીને યોગસાધના પૂર્ણ કરવી.

અહીં એ વાત પણ યાદ રાખવી ઘટે છે કે—

विभूसा इत्थिसंसग्गो, पणीयं रसभोयणं ।
नरस्सऽत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥ १ ॥

આત્માનું દર્શન કરવાની અભિલાષા રાખનાર મનુષ્ય માટે શ્રૃંગાર, સ્ત્રીઓનો સંસર્ગ અને પૌષ્ટિક-સ્વાદિષ્ટ ભોજન એ સર્વે તાલપુટ વિષ જેવા છે. તાત્પર્ય કે-જેને સાચી યોગસાધના કરવી છે તેણે શરીરની ટાપટીપ છોડવી જોઈએ, સ્ત્રીઓનો સહવાસ છોડી દેવો જોઈએ અને બને તેટલો સાદો અને નિરસ આહાર લેવો જોઈએ.

આ વાત અહીં ભારપૂર્વક એટલા માટે કહેવી પડે છે કે-આજે યોગસાધનાના ઉદ્દેશથી કેટલાક યોગાશ્રમો ચાલી રહ્યા છે, ત્યાં આમાંના એક પણ સિદ્ધાંતનું યથાર્થ પાલન થતું નથી. યોગસાધકો દરરોજ સ્નાન કરીને ઉત્તમ મુલાયમ વસ્ત્રો પહેરે છે, માથામાં તેલ વગેરે નાખે છે અને પુષ્પમાલાઓથી પોતાના શરીરોને શણગારે છે. વળી રેશમી વસ્ત્રો વાપરે છે અને કસ-

બીકોરના શાલ-દુશાલાનો ઉપયોગ કરે છે. તે ઉપરાંત ત્યાં સ્ત્રી અને પુરુષોને રહેવાનાં સ્થાનો અલગ હોવા છતાં દિવસભર એક બીજાને મળવાનું ચાલુ હોય છે અને હાસ્ય, ઠઠ્ઠા કે મશ્કરી કરવાની મોજ મણાતી હોય છે. આ બધાનું પરિણામ એ આવે છે કે પુરુષોની સ્ત્રીઓ પ્રત્યેની અને સ્ત્રીઓની પુરુષો પ્રત્યેની આકર્ષણ વૃત્તિ ચાલુ જ રહે છે અને પરિણામે જે બંધનો-માંથી છૂટવું હોય છે, તે બંધનો વધારે મજબૂત થાય છે. અને ત્યાં ખોરાકનું ધોરણ પણ એવું હોય છે કે જે વૃત્તિઓને શાંત કરવામાં મદદ કરતું નથી. તાત્પર્ય કે-શૃંગારનો ત્યાગ, સ્ત્રી-સહવાસનો ત્યાગ અને માલ-મીઠાઈઓ ખાવાનો ત્યાગ એ યોગની અનિવાર્ય શરતો છે અને તેનું પાલન કર્યા સિવાય કદિ પણ યોગસિદ્ધિ થતી નથી.

હવે છેલ્લી અને સહુથી મહત્ત્વની એક વાત કહી દઈએ કે 'ગુરુ વિના જ્ઞાન નથી.' તેથી જેને યોગસાધના કરવી છે, તેણે યોગ્ય ગુરુને શોધી કાઢવા જોઈએ અને તેનું શરણ સ્વી-કારવું જોઈએ.

'યોગ્ય ગુરુ કોને કહેવા?' તેનો વિચાર અમે '**ગુરુદર્શન**'-(પુષ્પ નં. ૫)માં ખૂબ વિસ્તારથી કર્યો છે. એટલે અહીં તેની પુનરુક્તિ નહિ કરીએ, પણ ટૂંકમાં એટલું જ કહીશું કે—

स सरीरे त्रि निरीहा, बज्झब्भिंतरपरिग्गहविमुक्का ।
धम्मोवगरणमित्तं धरंति, चारित्तरक्खट्ठा ॥
पंचिंदियदमणपरा, जिणुत्तसिद्धंतगहियपरमत्था ।
पंचसमिया तिगुत्ता, सरणं मह एरिसो गुरुणो ॥ १ ॥

પોતાના શરીરમાં પણ કોઈ જાતનું મમત્વ નહિ રાખનારા, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી વિમુક્ત, માત્ર ચારિત્રની રક્ષા અર્થે જ ધર્મોપકરણ રાખનારા, પાંચે ઇદ્રિયોનું દમન કરવામાં તત્પર, જિનોએ (વીતરાગી મહાત્માઓએ) કહેલાં સિદ્ધાંતનો પરમાર્થ ગ્રહણ કરનારા, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત એવા ગુરુનું મને–અમને શરણ હજો.

: ૪ :

સામાયિક

યોગનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર સામાયિક છે; તેથી જ નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કે—

जे केवि गया मोक्खं, जे विय गच्छंति जे गमिस्संति ।
ते सव्वे सामाइयप्पभावेण मुणेयव्वं ॥ १ ॥

જે કોઇ મોક્ષે ગયા, જે કોઈ મોક્ષે જાય છે અને જે કોઇ મોક્ષે જશે, તે સર્વે સામાયિકના પ્રભાવથી જ ગયા એમ જાણવું.

सामायिकविशुद्धात्मा, सर्वथा घातिकर्मणः ।
स्यात् केवलमाप्नोति, लोकालोकप्रकाशकम् ॥ १ ॥

સામાયિકથી વિશુદ્ધ થયેલો આત્મા ઘાતી કર્મોનો સર્વથા નાશ કરીને લોક અને અલોકનું પ્રકાશક એવું કેવળજ્ઞાન શીઘ્ર પામે છે.

तिव्वतवं तवमाणो, जं न विनिट्ठवइ जम्मकोडीहिं ।
तं समभावभाविअचित्तो, खवेइ कम्मं खणद्धेण ॥ १ ॥

ક્રોડો વર્ષ સુધી તીવ્ર તપ કરતાં પણ જીવ જે કર્મોને ખપાવી શકતો નથી, તે કર્મને સમભાવથી ભાવિત થયેલા ચિત્તવાળો અર્ધી ક્ષણમાં ખપાવે છે.

सामायिकं गुणानामाधारः खमिव सर्वभावानाम् ।
नहि सामायिकहीनाश्चरणगुणान्विता येन ॥ १ ॥

જેમ સર્વ ભાવોનો-પદાર્થોનો આધાર આકાશ છે, તેમ સર્વ ગુણોનો આધાર સામાયિક છે, જેમને સામાયિક નથી તે ચરણગુણોથી (સમ્યક્ ચારિત્રથી) યુકત બની શકતા નથી.

सामायिकं च मोक्षांगं परं सर्वज्ञभाषितम् ।

સર્વજ્ઞ ભગવંતોએ કહેલું સામાયિક જ મોક્ષનું પરમ અંગ છે.

सामाइयसामग्गिं, देवा वि चिंतंति हियमज्झम्मि ।
जइ होइ मुहुत्तमेगं, ता अम्ह देवत्तणं सुलहं ॥ १ ॥

દેવો પણ હૃદયમાં એવું ચિંતવે છે કે-' જો સામાયિકની સામગ્રી અમને એક મુહૂર્ત (બે ઘડી) જ મળી જાય તો અમારું દેવપણું સફળ થાય. '

તાત્પર્ય કે-દેવપણાનાં સઘળાં સુખો સામાયિકથી પ્રાપ્ત થનાર સુખ આગળ કંઈ વિસાતમાં નથી.

तस्माज्जगाद भगवान् सामायिकमेव निरुपमोपायम् ।
शारीरमानसानेकदुःखनाशस्य मोक्षस्य ॥

તેથી ભગવાને શારીરિક અને માનસિક અનેક દુઃખોના નાશરૂપ મોક્ષના પરમ ઉપાય તરીકે સામાયિકને જ કહેલું છે.

ભગવાન્ મહાવીરની પરમ યોગસાધના પણ સામાયિકને જ આભારી હતી, તે અંગે વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે કે—

जन्म–जरा–मरणार्त्तं जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।
स्फीतमपहाय राज्यं शमाय धीमान् प्रवव्राज ॥
प्रतिपद्याशुभशमनं निःश्रेयससाधकं श्रमणलिङ्गम् ।
कृतसामायिककर्मा व्रतानि विधिवत्समारोप्य ॥ १ ॥

જન્મ, જરા અને મરણથી પીડિત જગતને અશરણ જોઈ વિશાલ પરંતુ નિઃસાર એવા રાજ્યસુખનો ત્યાગ કરી એ મેધાવી પુરુષ શમસાધના માટે પ્રવ્રજિત થયા અને સામાયિક કર્મ કરવાપૂર્વક વ્રતોનો વિધિવત્ સ્વીકાર કરીને અશુભને સમાવનાર તથા કલ્યાણને સાધનાર એવા શ્રમણલિંગને ધારણ કર્યું.

સામાયિકની ક્રિયા અપૂર્વ અને અનન્ય છે. તે દર્શાવવા માટે તેમણે કહ્યું છે કે—

दिवसे दिवसे लक्खं देइ, सुवन्नस्स खंडियं एगो ।
एगो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स ॥ १ ॥

એક મનુષ્ય પ્રતિદિન લાખ ખાંડી સોનાનું દાન દે અને બીજો મનુષ્ય પ્રતિદિન સામાયિક કરે, તો દાન દેનારો તેની બરોબરી કરી શકે નહિ.

'આવું સામાયિક કોને થાય છે ?' તેનો ઉત્તર આપતાં એ મહર્ષિઓએ જણાવ્યું છે કે—

जस्स समाणिओ अप्पा, संजमे नियमे तवे ।
तस्स सामाइयं होइ, इइ केवलिभासियं ॥ १ ॥

જેનો આત્મા સંયમ, નિયમ અને તપમાં આવેલો હોય તેને સામાયિક થાય છે, એમ કેવલિ ભગવંતોએ કહેલું છે.

जो समो सव्वभूएसु, तसेसु थावरेसु य ।
तस्स सामाइयं होइं, इइ केवलिभासियं ॥ १ ॥

ત્રસ અને સ્થાવર એવા સર્વ જીવો પ્રત્યે જે સમદૃષ્ટિવાળો છે, તેને સામાયિક થાય છે, એમ કેવલિ ભગવંતોએ કહ્યું છે.

સામાયિકનો શબ્દાર્થ પણ એ જ વાત કહે છે. સામાયિક શબ્દ સમાયનું તદ્ધિતરૂપ છે. હવે સમાય શબ્દ સમ અને આય એ બે પદોનો બનેલો છે. તેમાં સમનો અર્થ સમભાવ, સમત્વ, સમતા કે રાગદ્વેષ રહિત સ્થિતિ છે અને આયનો અર્થ લાભ કે ગમન છે. એટલે જે ક્રિયાથી વિષમભાવમાં રહેલો આત્મા સમભાવ, સમત્વ, સમતા કે રાગદ્વેષ રહિતતા પ્રત્યે જાય તે સામાયિક છે.

'સામાયિકથી ખરેખર શું અભિપ્રેત હતું ?' તે જણાવવા માટે તેમણે કહ્યું છે કે—

सामाइयं समइयं, सम्मवाओ समास संखेवो ।
अणवज्जं च परिण्णा, पच्चक्खाणे य ते अट्ठा ॥ १ ॥

(૧) સામાયિક, (૨) સમયિક, (૩) સમવાદ, (૪)

સમાસ, (૫) સંક્ષેપ, (૬) અનવદ્ય, (૭) પરિજ્ઞા અને (૮) પ્રત્યાખ્યાન એ આઠ પર્યાય શબ્દો છે.

આ દરેક શબ્દમાં રહેલું રહસ્ય સમજાવવા માટે તેમણે એક એક દૃષ્ટાંત આપ્યું છે, તે આ પ્રમાણે:—

(૧) સામાયિક.

[રાગ અને દ્વેષનો ત્યાગ]

હર્ષપુરનો રાજા દમદંત ધીર, વીર અને પરાક્રમી હતો. તે એક વાર પોતાના મિત્ર રાજાને મદદ કરવા ગયો, ત્યારે તેની ગેરહાજરીનો લાભ લઇને પાંડવ તથા કૌરવોએ તેના નગર પર ચડાઈ કરી અને તેને જીતી લીધું. આ સમાચાર મળતાં દમદંત તાબડતોબ પાછો ફર્યો અને પાંડવ-કૌરવના લશ્કર સામે વીરતાથી લડ્યો. પરિણામે પાંડવ-કૌરવનું લશ્કર હાર્યું અને પોતાનું નગર પાછું મેળવવામાં તે સફળ થયો. ત્યાર પછી ઘણાં વર્ષો સુધી તેણે પોતાની પ્રજાનું પાલન કર્યું અને રાજ્યસુખનો ઉપભોગ કર્યો.

હવે એક વાર તે પોતાના મહેલમાં ઝરુખે બેસીને નગરચર્યા જુએ છે, તેવામાં નિરભ્ર આકાશ વાદળાંથી છવાયું અને તેના વિવિધ રંગોએ અતિ મનોહર દૃશ્ય ખડું કર્યું. આ દૃશ્ય જોવામાં દમદંતને ઘણો આનંદ પડ્યો, પણ તે ક્ષણજીવી નીવડ્યો, કારણ કે પવનના એક પ્રબલ સપાટે તે વાદળોને વેરવિખેર કરી નાખ્યા. આ નાનકડી ઘટનાએ દમદંતને ગંભીર વિચારમાં મૂકી દીધો: ' શું બધા સંયોગો આવા

ક્ષણજીવી જ હશે? આ રાજપાટ, આ ઋદ્ધિસિદ્ધિ, આ કુટુંબ-કબીલો, આ શરીરસંપત્તિ શું વાદળની જેમ વિખરાઈ જશે? હા, હા, સર્વ સંયોગો અસ્થિર છે! અનિત્ય છે!! તેમાં રાચવાનો કંઈ અર્થ નથી.'

આ રીતે નિર્વેદ પામેલા દમદંતે રાજપાટનો ત્યાગ કર્યો અને શાશ્વત સુખની સાધના માટે સામાયિકનો સ્વીકાર કરીને અહિંસાદિ પાંચ મહાવ્રતો ધારણ કર્યાં. રાજા દમદંત હવે રાજર્ષિ દમદંત થયા.

એક વાર રાજર્ષિ દમદંત વિહાર કરતાં કરતાં હસ્તિના-પુરમાં આવી ચડ્યા અને તેના બહિર્ભાગમાં આવેલા ઉદ્યાનમાં કાયોત્સર્ગ કરીને ધ્યાનમગ્ન થયા. એવામાં ત્યાં થઈને પાંડવો નીકળ્યા. તેમણે રાજર્ષિને વિનયપૂર્વક વંદન કર્યું. પછી કૌરવો પણ ત્યાં આવી ચડ્યા અને રાજર્ષિ દમદંતને આ રીતે ધ્યાન-મગ્ન જોઈને બોલ્યાઃ ' આ હર્ષપુરનો રાજા દમદંત છે કે જેણે આપણને હરાવ્યા હતા! તે આપણો દુશ્મન છે, તે આપણો વૈરી છે અને આજે બરાબર લાગમાં આવ્યો છે, માટે છોડવો નહિ!' અને તેઓ એમનાં પર ઈંટ, પત્થર, લાકડાં તથા સડેલાં ફળ ફેંકી આનંદ પામવા લાગ્યા. કોઈએ ઠીક જ કહ્યું છે કે—

દુષ્ટ ન છોડે દુષ્ટતા, લાખ શિખામણ દેત;
ઘણું ઘણું ધોયા છતાં, કાજલ હોત ન શ્વેત.

કૌરવો પોતાની હેવાનિયત બતાવીને ત્યાંથી ચાલ્યા ગયા. પછી થોડી વારે પાંડવો પાછા તે જ રસ્તે પાછા ફર્યા, ત્યારે ત્યાં ઈંટ, પત્થર, લાકડાં તથા સડેલાં ફળોનો મોટો ઢગલો

જોઈને આસપાસના લોકોને પૂછ્યું કે 'આમ શાથી બન્યું ?' લોકોએ કહ્યું: 'અહીં કૌરવો આવ્યા હતા અને તેમણે આ કરેલું છે.' એટલે તેઓ અત્યંત ખેદ પામ્યા અને ઈંટ વગેરે દૂર કરીને રાજર્ષિના શરીરે તેલ વગેરે લગાડયું. પછી તેમને ખમાવીને પોતાને સ્થાને ગયા.

અહીં દમદંત રાજર્ષિએ પરમ ભક્તિ કરનાર પાંડવો પ્રત્યે રાગ પણ ન કર્યો અને પ્રતિકૂલ પરિષહ ઉપજાવનાર કૌરવો પ્રત્યે દ્વેષ પણ ન કર્યો, તે સામાયિકની સ્થિતિ જાણવી. કહ્યું છે કે—

वंदिज्जमाणा न समुक्कसंति,
हीलिज्जमाणा न समुज्जलंति ।
दंतेण चित्तेण चरंति धीरा,
मुणी समुग्घाइयरागदोसा ॥ १ ॥

રાગ અને દ્વેષનો નાશ કરનાર ધીરમુનિઓ ઉપશાંત ચિત્તે વિચરે છે. તેઓ વંદન પામ્યે ફૂલાતા નથી અને હેલના પામ્યે ક્રોધ કરતા નથી.

(૨) સમયિક

(અહિંસા)

રાજગૃહી નગરીના શ્વેત ઉત્તુંગ પ્રાસાદો પર મધ્યાહ્નનો સૂર્ય તપી રહ્યો હતો. લોકો ભોજનાદિથી પરવારીને પોતપોતાના કામે લાગી ગયા હતા. તે વખતે શમ-દમના પરમ ઉપાસક

અને મહાતપસ્વી એવા મેતાર્ય મુનિએ ધર્મલાભ કહીને એક સોનીના ઘરમાં પ્રવેશ કર્યો. આજે માસક્ષમણનું પારણું હતું અને તે માટે સૂઝતો આહાર મેળવવો એ તેનું પ્રયોજન હતું.

પોતાના આંગણે એક તપસ્વી મુનિરાજને પધારેલા જોઇને સોની હર્ષ પામ્યો અને તેમનો ઉચિત આદર-સત્કાર કરીને બોલ્યો કે: 'ધન્ય ઘડી! ધન્ય ભાગ્ય! કે આજે આપનો લાભ મળ્યો!' પછી તેમને સૂઝતો આહાર વહોરાવી શકાય તે માટે ઘરની અંદર જઇને તપાસ કરવા લાગ્યો.

મેતાર્ય મુનિ બહાર એકલા ઊભા છે. દૃષ્ટિ નીચી છે. મન શાંત અને સમાહિત છે. જ્યાં ક્રોધ કપાઇ ગયો હોય, માન મરડાઇ ગયું હોય, માયા મરી ચૂકી હોય અને લોભ-લાલચનો પૂરેપૂરો નાશ થયો હોય, ત્યાં આવી જ સ્થિતિ સંભવે છે. પરંતુ એવામાં એક અઘટિત બનાવ બની ગયો. એક ક્રૌંચ પક્ષી ગમે ત્યાંથી ઊડીને ત્યાં આવ્યું અને સોનીએ સોનાનાં જે જવલાં ઘડવા માંડયાં હતાં તેને સાચાં સમજીને ચણી ગયું. પછી પાસેના ઝાડ પર જઇને બેઠું.

અહીં સોની બહાર આવ્યો ને મુનિવરને લાડુ વહોરાવી આનંદ પામ્યો, પણ તે જ વખતે તેની નજર બાજુમાં ગઈ અને ત્યાં સોનાનાં જવલાં ન જોતાં મુનિને પૂછવા લાગ્યો કે 'અહીં બીજું કોઈ આવ્યું હતું? મારાં સોનાનાં જવલાં ક્યાં ગયાં?'

મુનિએ વિચાર કર્યો કે 'જો હું બનેલી ઘટના કહી સંભળાવીશ તો આ સોની ક્રૌંચ પક્ષીને પકડશે અને તેનું

પેટ ચીરીને જવલાં કાઢી લેશે, માટે મૌન રાખવું જ ઉચિત છે.' અને તેઓ કંઈ પણ બોલ્યા વિના ચૂપચાપ ઊભા રહ્યા.

આથી સોનીને વહેમ પડ્યો કે 'જવલાં મુનિએ લીધાં લાગે છે, નહિ તો જવાબ કેમ ન આપે?' અને તેણે કહ્યું: 'હે મુનિ! આ તમને શોભતું નથી. અથવા તો મુનિના વેશમાં તમે કોઈ ઠગ જણાઓ છો, જેથી મારા બધાં જવલાં સીફતથી ઉઠાવી લીધાં.'

પરંતુ મેતાર્ય મુનિએ પોતાનું મૌન ચાલુ રાખ્યું. આ જોઇને સોનીને ભારે ક્રોધ આવ્યો ને તેણે પોતાનાં ગયેલાં જવલાં પાછાં મેળવવાં માટે મુનિનાં મસ્તક પર લીલી વાધરી બાંધી દીધી તથા તેમને તડકામાં ઊભા રાખ્યા. મેતાર્ય મુનિએ પોતાના અહિંસાવ્રતનો ખ્યાલ કરીને તેનો કંઇ પણ પ્રતિકાર ન કર્યો.

બળતા બપોરમાં વાધરી સૂકાતી ચાલી અને તેનું બંધન ખૂબ તંગ થતું ગયું. પરિણામે મેતાર્ય મુનિને અસહ્ય વેદના થવા માંડી, છતાં તેમણે પોતાનો શુભ નિશ્ચય છોડ્યો નહિ. આ વખતે તેઓ એક જ વાત વિચારી રહ્યા હતા કે–'જિનેશ્વરોનો સમય (સિદ્ધાંત–શાસન–આજ્ઞા) શું કહે છે? કોઈ પણ પ્રાણીના પ્રાણને પરિતાપ ઉપજાવવો નહિ. માટે તે અંગે જે કંઇ સહન કરવું પડે તે સમભાવે સહન કરી લેવું.'

વાધરી વિશેષ ને વિશેષ સંકોચાતી ગઇ અને મુનિનું મન વિશેષ ને વિશેષ પવિત્ર થતું ગયું. પરિણામે મસ્તકની ખોપરી તૂટી ગઇ પણ તૂટતાં પહેલાં કર્મોની જાળને તોડતી ગઇ. તાત્પર્ય કે તેઓ અંતગડ (અંતકૃત) કેવલી થયા.

એવામાં કોઇ કઠિયારણે ત્યાં આવીને લાકડાની ભારી પછાડી, તેના અવાજથી ક્રૌંચ પક્ષી ચમકીને ચરકી ગયું અને તેની ચરકમાં સોનાનાં બધાં જવલાં બહાર નીકળી પડ્યાં. આ દૃશ્ય જોતાં જ સોનીને સાચી પરિસ્થિતિ સમજાઈ ગઇ અને પોતે એક નિર્દોષ મુનિની નાહક હત્યા કરી છે, એ ખ્યાલ આવી ગયો. આથી તે અત્યંત પશ્ચાત્તાપ કરવા લાગ્યો અને છેવટે મનના સમાધાન માટે તેમનાં જ ઓઘો–મુહપત્તિ ગ્રહણ કરીને પ્રવ્રજિત થયો.

અહીં મેતારજ મુનિએ સંયમ એટલે સર્વજ્ઞપ્રણીત શાસ્ત્ર અનુસાર અહિંસાધર્મનું જે પાલન કર્યું તે સમયિક જાણવું.

(૩) સમવાદ.

[સત્ય]

નહિ ધારેલું થાય છે, નહિ કલ્પેલું બને છે. શું તુરુમિણી નગરીના કદરદાન રાજા કુંભે કદિ એવું ધાર્યું હશે ખરું કે જેને પોતે સામાન્ય પુરોહિતમાંથી મુખ્ય પ્રધાનની પદવી સુધી પહોંચાડયો છે તે યજ્ઞદત્ત એક દિવસ દગો કરીને પોતાને જ કેદમાં પૂરશે અને રાજપાટ પડાવી લેશે ? છતાં તેમ બન્યું હતું અને દગાખોર યજ્ઞદત્ત નિઃશંકપણે રાજ્ય ભોગવતો હતો.

યજ્ઞદત્તને મૂળથી યજ્ઞ–યાગ પર વિશેષ શ્રદ્ધા હતી અને તેમાં રાજ્ય મળ્યું, એટલે તેણે પોતાના રાજ્યમાં ઠેર ઠેર યજ્ઞો કરાવવા માંડયા અને તેમાં હજારો નિર્દોષ પશુઓનો હોમ થવા લાગ્યો. સમજુ માણસોને આ પ્રવૃત્તિ ગમતી નહતી,

પરંતુ વાઘને કોણ કહે કે તારું મોઢું લોહિયાળું છે? એટલે દત્તની પ્રવૃત્તિ વિનાવિરોધે ચાલી રહી હતી.

એવામાં સામાયિક વ્રતધારી કાલક નામના આચાર્ય ત્યાં આવ્યા અને લોકોને ધર્મનું સાચું રહસ્ય સમજાવવા માટે ધર્મોપદેશ દેવા લાગ્યા. તેમાં તેમણે ભાવયજ્ઞની પ્રરૂપણા જોરશોરથી કરવા માંડી. આ ઉપદેશના પ્રત્યાઘાતો તુરુમિણીનાં રાજ્યમહેલમાં બે પ્રકારે પડ્યા. તેની માતા જે નિર્ગ્રંથ ધર્મની ઉપાસિકા હતી, તેને ખૂબ આનંદ થયો અને યજ્ઞદત્ત જે હિંસક યજ્ઞમાં માનતો હતો, તેને ખૂબ લાગી આવ્યું; પરંતુ સંસારી પક્ષે કાલિકાચાર્ય તેના મામા થતા હતા, એટલે શું કરવું તેની સમજ પડી નહિ.

એકદા માતાની પ્રેરણાથી તે કાલકાચાર્ય પાસે ગયો અને તેમને પૂછવા લાગ્યો કે 'આપ શાસ્ત્રજ્ઞ છો તો જવાબ આપો કે યજ્ઞનું ફળ શું?'

કાલિકાચાર્યે કહ્યું: 'હિંસામય યજ્ઞનું ફલ નરકગતિ છે.'

દત્તે પૂછ્યું: 'એ કેમ મનાય? '**स्वर्गकामः पशुमालभेत्**' વગેરે શ્રુતિ વાક્યોથી તેનું ફલ સ્વર્ગ છે, એમ જણાય છે.'

કાલિકાચાર્યે કહ્યું: 'અહીં પશુ શબ્દથી ચાર પગવાળાં નિર્દોષ પશુ સમજવાનાં નથી, પણ પોતાની પશુ જેવી વૃત્તિઓ સમજવાની છે. તેનું બલિદાન દેવાથી સ્વર્ગસુખ જરૂર મળી શકે, પરંતુ હિંસક યજ્ઞોનું ફલ તો નરક ગતિ જ છે.'

દત્તે પૂછ્યું: 'એનું કંઈ પ્રમાણ?'

કાલિકાચાર્યે કહ્યું: ‘ એનું પ્રમાણ જો મારા મુખેથી જ જોઇતું હોય તો સાંભળી લે કે આજથી સાતમા દિવસે તારા મુખમાં નરકનો છાંટો પડશે અને તો તું જાણજે કે હિંસક યજ્ઞનું ફલ નરક છે.’

આ શબ્દો ઉચ્ચારવામાં શું જોખમ રહેલું છે, તે કાલિકાચાર્ય બરાબર સમજતા હતા પણ સમવાદી થવું એ તેમની પ્રતિજ્ઞા હતી અને તે પ્રતિજ્ઞાનું પાલન તેઓ બરાબર કરી રહ્યા હતા.

કાલિકાચાર્યનો જવાબ સાંભળીને યજ્ઞદત્ત રોષભર ઊભો થયો અને પોતાના સિપાઇઓને હુકમ કર્યો કે–સાત દિવસ સુધી આ આચાર્ય નગર છોડીને ચાલ્યા ન જાય, તેની તકેદારી રાખો. પછી તે પોતાના મહેલમાં ગયો અને સાત દિવસ પૂરા થાય ત્યાં સુધી બહાર જ ન નીકળવું એવો નિર્ણય કરીને અંદર ભરાઇ રહ્યો. આમ કરવામાં તેનો ઉદ્દેશ આચાર્યને ખોટા પાડવાનો અને એ રીતે વાંકમાં લાવીને આકરી શિક્ષા કરવાનો હતો, પણ મુનિનાં વચન મિથ્યા થતાં નથી એટલે દત્તે ભૂલ ખાધી અને આજે સાત દિવસ પૂરા થઈ ગયા છે, એમ માનીને સાતમા દિવસની સવારે ઘોડા પર બેસીને બહાર નીકળ્યો. રસ્તામાં તે વિચાર કરે છે કે ‘ આચાર્ય ખોટા પડ્યા છે એટલે આજે તેમને જોઈ લઇશ.’ એવામાં એકાએક નરકનો છાંટો મુખમાં પડ્યો અને તે ચમકી ગયો: ‘ આ શું ? આજે સાતમો દિવસ તો નથી ? મેં ભૂલ તો ખાધી નથી ?’ વગેરે અનેક વિચારો તેના મનને ચકડોળે ચડાવવા લાગ્યા. અહીં હકીકત એવી બની

હતી કે એક માળી વહેલી સવારે બગીચામાં ફૂલ લેવા જતો હતો, ત્યારે દીર્ઘ શંકા થવાથી તે રસ્તામાં જ બેસી ગયો હતો અને શંકાનું નિવારણ કરીને દોષ ઢાંકવા માટે તેનાં પર થોડાં ફૂલો ઢાંકી દીધાં હતાં. તેના ઉપર અશ્વનો પગ આવતાં નરકનો છાંટો ઉછળીને યજ્ઞદત્તના મુખમાં પડ્યો. યજ્ઞદત્તને ખાતરી થઈ ચૂકી કે આચાર્ય સત્યવાદી છે અને તેમના કહ્યા મુજબ હિંસક યજ્ઞોના ફલરૂપે પોતાને નરકની યાતનાઓ ભોગવવી પડશે. એટલે તે આચાર્યની પાસે આવ્યો અને હાથ જોડીને બોલ્યોઃ 'પ્રભો! આપનું કહેવું સાચું પડયું છે. હવે મારું શું થશે?'

આચાર્યે કહ્યું: 'વીતરાગ મહાપુરુષોનાં વચન કદિ પણ અસત્ય હોતાં નથી. અમે તેની અનન્ય મને ઉપાસના કરીએ છીએ અને લોકોને પણ તેનું યથાર્થ રહસ્ય સમજાવીએ છીએ. જો ભય કે સ્વાર્થવશાત્ અમે સત્ય ઉપદેશ ન આપીએ તો અમારો ધર્મ ચૂકયા ગણાઈએ. હે રાજન્! હિંસકયજ્ઞનું ફળ જેમ નરક છે, તેમ ભાવયજ્ઞનું ફલ સ્વર્ગ અને મુક્તિ છે; માટે તેમાં તું પ્રવૃત્ત થા અને આજ સુધીમાં તેં જે હિંસા કરી છે, તેનું તું પ્રાયશ્ચિત્ત લે. પછી તારે ડરવાનું કંઈ પ્રયોજન નથી.'

યજ્ઞદત્તે તે પ્રમાણે કર્યું અને પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો.

તાત્પર્ય કે-ગમે તેવા વિકટ પ્રસંગમાં પણ સત્યને વળગી રહેવું-સત્ય બોલવું એ સમવાદ છે.

(૪) સમાસ.

(ઉપશમ, વિવેક, સંવર)

ચિલાતી નામની દાસીનો પુત્ર રાજગૃહી નગરીના ધનસાર્થવાહને ત્યાં નોકરી કરતો હતો અને ઘરનું પરચુરણ કામ-કાજ કરવા ઉપરાંત તેમનાં બાળકોને પણ રમાડતો હતો. ધનસાર્થવાહને ચાર પુત્રો ઉપર એક પુત્રી થઇ હતી, જે રૂપ અને લાવણ્યનો ભંડાર હતી. તેનું નામ સુષુમા રાખવામાં આવ્યું હતું. ચિલાતીપુત્ર આ બાલિકાને સારી રીતે રમાડતો હતો અને હરવાફરવા લઈ જતો હતો. એમ કરતાં તેને એના પર અત્યંત સ્નેહ ઉત્પન્ન થયો હતો, એનાં દર્શન માત્રથી પણ તેને અત્યંત આહ્લાદ થતો હતો, એવામાં કોઇ કારણસર ધનસાર્થવાહનું મન તેના પર નારાજ થયું અને તેને નોકરીમાંથી રૂખસદ આપવામાં આવી, એટલે સુષુમાને છેલ્લી સલામ ભરીને વિદાય થયો. ત્યાર પછીનું એનું જીવન એક રખડું તરીકે પસાર થયું અને તેમાં જુગાર, મદ્યપાન તથા ચોરી જેવા ભયંકર વ્યસનો લાગુ પડ્યા. પરિણામે નગરજનોએ રાજાને ફરિયાદ કરી અને તેને નગરપાર કરવામાં આવ્યો.

આ રીતે સર્વત્ર હડધૂત થયેલો ચિલાતીપુત્ર બીજો કોઇ માર્ગ નહિ જડવાથી ચોરપલ્લીમાં ગયો અને અનુક્રમે પલ્લી-પતિનો વિશ્વાસ સંપાદન કરીને તેનો ઉત્તરાધિકારી થયો.

એક વખત આ પલ્લીપતિ ચિલાતીપુત્રે પોતાના કસાયેલા ભેરૂઓ સાથે રાજગૃહી નગરીમાં આવીને ધનસાર્થવાહના ઘરે ધાડ પાડી અને પુષ્કલ માલમત્તા ઉપરાંત સુષુમાનું પણ હરણ

કર્યું. આથી ધનસાર્થવાહ પોતાના ચારે પુત્રો તથા રાજના કેટલાક સૈનિકો સાથે તેની પછવાડે પડ્યા અને તેને કોઈ પણ રીતે પકડી લેવાનો જીવસટોસટ પ્રયત્ન કરવા લાગ્યા. એમ કરતાં તેઓ ચિલાતીપુત્રની નજીકમાં આવી ગયા કે જેણે સુષુમાને પોતાની ખાંધ પર ઉચકેલી હતી.

ચિલાતીપુત્ર સમજી ગયો હતો કે ધનસાર્થવાહને પૈસાની કંઇ પડી નહતી, પણ સુષુમાનું હરણ ખૂબ ખટકતું હતું, એટલે જ તેઓ આવો જોરદાર પીછો કરી રહ્યા હતા, એટલે તેમના પંજામાંથી છટકવા માટે તેણે સુષુમાનું મસ્તક તલવારના એક જ ઝટકે ઉડાવી દીધું અને તે મસ્તક હાથમાં લઇને દોડવા માંડયું.

ધનસાર્થવાહે જોયું કે જેને માટે પોતે આટલો લાંબો પ્રવાસ કર્યો હતો અને આટલી જહેમત ઉઠાવી હતી, તે પુત્રીનો આખરે વધ થયો છે, એટલે તેમના પગ ઢીલા પડી ગયા અને ચિલાતીપુત્રને તેમના પંજામાંથી છટકવાનો લાગ મળી ગયો.

ચિલાતીપુત્ર ભાગતો ભાગતો એક ઘોર જંગલમાં આવી ચડ્યો, જ્યાં મનુષ્યની વસતિ ભાગ્યે જ હતી. એક હાથમાં લોહીખરડી તરવાર છે, બીજા હાથમાં સુષુમાનું મસ્તક છે. ભૂખ તરસ ઘણી લાગી છે અને હવે પગની તાકાત પણ ઓસરવા માંડી છે. એવામાં એક મુનિને તપશ્ચર્યા કરતા જોયા. એટલે ચિલાતીપુત્ર તેમની પાસે ગયો અને બોલ્યો કે–હે મુનિ ! તમે મને ધર્મનું સ્વરૂપ સમાસથી (ટૂંકમાં) કહો. જો નહિ કહો તો તમારું મસ્તક ઉડાવી દઇશ.

મુનિએ કહ્યું: '**ઉપશમ, વિવેક, સંવર.**' બસ, આટલું બોલીને તે ચારણલબ્ધિવડે આકાશમાર્ગે ઊડી ગયા.

ચિલાતીપુત્ર વિચાર કરવા લાગ્યો કે–મુનિએ આ શું કહ્યું? આ રીતે જ્યારે તેણે ઘણો ઘણો વિચાર કર્યો ત્યારે ઉપશમનો અર્થ સમજાયો કે ક્રોધને શમાવવો અને મનને શાંત કરવું, એટલે તેણે હાથમાંથી તરવાર દૂર ફેંકી દીધી. પછી બહુ વિચાર કરતાં વિવેકનો અર્થ સમજાયો કે ધન અને સ્વજનનો મોહ છોડવો, એટલે તેણે પોતાના હાથમાં રહેલું સુષુમાનું મસ્તક છોડી દીધું કે જેના પર તેને સ્વજનનો ભાવ હતો. પછી દીર્ઘ વિચારના અંતે સંવરનો અર્થ સમજાયો કે ઇંદ્રિયો અને મનની અશુભ પ્રવૃત્તિઓને રોકવી, એટલે મુનિની જેમ ધ્યાન ધરીને ઊભો રહ્યો. બીજા શબ્દોમાં કહીએ તો ચિલાતીપુત્રે ભાવથી સંયમદીક્ષા ધારણ કરી.

આ રીતે ભાવ સાધુ થયેલા ચિલાતીપુત્ર ત્યાં ઊભા રહીને 'ઉપશમ, વિવેક, સંવર' 'ઉપશમ, વિવેક, સંવર' એવો જાપ જપવા લાગ્યા અને આ રીતે મનને અન્ય વિષયમાંથી વારીને ધર્મધ્યાનમાં સ્થિર થયા. પરંતુ તેમનો દેહ હજી તાજા લોહીથી ખરડાયેલો હતો, એટલે તેના ગંધથી આકર્ષાઇને કેટલીક વનકીડીઓ ત્યાં આવી પહોંચી અને સ્વાદ નિમિત્તે તેમના શરીરને ચટકા ભરવા લાગી. એ ઉપદ્રવ અતિ ભયંકર હતો, છતાં મહાત્મા ચિલાતીપુત્રે વિવેકને અંગે તેનો કંઇ પણ પ્રતિકાર ન કર્યો. જ્યાં ઉપશમ હોય ત્યાં ક્રોધ કેવો? જ્યાં વિવેક હોય ત્યાં વ્યામોહ કેવો? જ્યાં સંવર હોય ત્યાં પ્રતિકાર કેવો? એ ભયંકર ઉપદ્રવ અઢી દિવસ સુધી ચાલ્યો અને તેમનું સમસ્ત

શરીર ચાળણી જેવું થઇ ગયું, તો યે મહાત્મા ચિલાતીપુત્ર પોતાનું ધર્મધ્યાન ચૂકયા નહિ. પરિણામે તેઓ આરાધના કરી સ્વર્ગસુખના અધિકારી બન્યા.

અહીં મહાત્મા ચિલાતીપુત્રે ઉપશમ, વિવેક અને સંવરની જે સાધના કરી તે સમાસ જાણવો.

(૫) સંક્ષેપ.

[સર્વ શાસ્ત્રોનો સાર]

એક શહેરમાં ચાર પંડિતો રહેતા હતા. તેમાં પહેલો આયુર્વેદમાં નિષ્ણાત હતો, બીજો ધર્મશાસ્ત્રમાં વિશારદ હતો, ત્રીજો નીતિશાસ્ત્રમાં નિપુણ હતો અને ચોથો કામશાસ્ત્રમાં પારંગત હતો. આ ચારે પંડિતોએ પોતપોતાના વિષયનો એક મહાગ્રંથ રચવાનો નિર્ણય કર્યો અને તે અનુસાર એક એક લાખ શ્લોકની રચના કરી. પછી તેઓ જિતશત્રુ નામે રાજા પાસે ગયા અને કહ્યું: 'હે રાજન્! અમે આ મહાગ્રંથોની રચના કરી છે, તે તમે સાંભળો.'

રાજાએ કહ્યું: 'કેટલા શ્લોકપ્રમાણ છે?'

પંડિતોએ કહ્યું: 'દરેક ગ્રંથ લાખ શ્લોકપ્રમાણ છે.'

રાજાએ કહ્યું: 'એટલા મોટા ગ્રંથો સાંભળવા બેસું તો મારું બધું કામ રખડી જાય.'

પંડિતોએ કહ્યું: 'તો એને પચીશ-પચીશ હજાર શ્લોક-પ્રમાણ બનાવી દઇએ.'

રાજાએ કહ્યું: 'તો પણ બધા થઈને લાખ શ્લોક થાય, માટે સંક્ષેપ થઇ શકે તેમ હોય તો જણાવો.'

પંડિતોએ કહ્યું: 'જો આપની ઇચ્છા એવી જ હોય તો અમે તેને માત્ર હજાર–હજાર શ્લોકના બનાવી દઈશું.'

પરંતુ રાજાને તે પ્રમાણ પણ ઘણું વધારે લાગ્યું, એટલે પંડિતો પાંચસો શ્લોક પર આવ્યા, તેમાંથી સો પર આવ્યા અને છેવટે એક એક શ્લોકમાં તેનો સંક્ષેપ કરવાને તૈયાર થયા. ત્યારે રાજાએ કહ્યું: 'તમે જે કંઇ કહો તે સાંભળીને હું યાદ રાખવા માગું છું અને ચાર શ્લોકો યાદ રાખવા જેટલી મારી શક્તિ નથી, તેથી ચારે મળીને એક શ્લોક સંભળાવો તો સાંભળું.' પંડિતોએ તે વાત કબૂલ કરી.

પછી પહેલો પંડિત બોલ્યો:

जीर्णे भोजनमात्रेयः,

જમેલું પચી જાય પછી જ ભોજન કરવું, એ આયુર્વેદમાં પરમ નિષ્ણાત આત્રેયનો મત છે.

પછી બીજો પંડિત બોલ્યો:

कपिलः प्राणिनां दया ।

પ્રાણીઓ પર દયા રાખવી એ ધર્મશાસ્ત્રમાં પરમ વિશારદ કપિલ ઋષિનો મત છે.

પછી ત્રીજો પંડિત બોલ્યો:

बृहस्पतिरविश्वासः,

કોઇના પર અંધવિશ્વાસ રાખવો નહિ, એ નીતિશાસ્ત્રમાં પરમનિપુણ બૃહસ્પતિનો મત છે.

પછી ચોથો પંડિત બોલ્યોઃ

पञ्चालः स्त्रीषु मार्दवम् ॥

સ્ત્રીઓ પ્રત્યે મૃદુતાથી વર્તવું, એ કામશાસ્ત્રમાં પરમ વિશારદ એવા પંચાલનો મત છે.

આ રીતે દરેક પંડિતે લાખ શ્લોકનો સંક્ષેપ અકેક ચરણમાં કરીને રાજાને સંભળાવતાં રાજા ઘણો ખુશી થયો અને તે દરેકને ભારે ઇનામ આપ્યું.

આ રીતે જ્ઞાનીઓ ચૌદ પૂર્વમાંથી જે સાર ખેંચે છે—જે સંક્ષેપ કરે છે, તેને સંક્ષેપ જાણવો.

(૬) અનવદ્ય.

[સાવદ્ય યોગનો ત્યાગ]

વસંતપુરનો રાજા જિતશત્રુ વૈરાગ્ય પામ્યો અને રાજપાટ પોતાના પુત્ર ધર્મરુચિને સોંપી સંન્યાસીવ્રત ગ્રહણ કરવાને તત્પર થયો, ત્યારે ધર્મરુચિએ માતાને પૂછ્યું: 'હે માતા ! મારા પિતાજી રાજ્યનો ત્યાગ કેમ કરે છે ?' માતાએ કહ્યું. 'એ સંસારવૃદ્ધિનું કારણ છે.' એટલે ધર્મરુચિએ ફરીને પૂછ્યું. 'તો એનાથી મારો સંસાર વૃદ્ધિ પામશે કે નહિ ?' માતાએ કહ્યું: 'પુત્ર ! કુદરતના કાનૂન સહુને માટે સરખા છે.' આથી ધર્મરુચિને વૈરાગ્ય થયો અને તેણે પણ પોતાના પિતા

સાથે સંન્યાસ ધારણ કર્યો. પછી પિતા પુત્ર એક આશ્રમમાં રહીને તપશ્ચર્યા કરવા લાગ્યા.

એવામાં અમાવાસ્યાનો દિવસ આવ્યો, એટલે આશ્રમમાં ઘોષણા થઈ કે ' આવતી કાલે અમાવાસ્યા છે, માટે ફળફૂલનો જે સંગ્રહ કરવો ઘટે તે કરી લેશો. કાલે કંઈ પણ ફળફૂલ તોડવા કલ્પતાં નથી. ' આ ઘોષણા સાંભળીને ધર્મરુચિ વિચાર કરવા લાગ્યા કે ' ફળફૂલ કાલે તોડવા કલ્પતાં નથી, તો આજે તોડવાં પણ કેમ કલ્પે ? માટે જીવનભર ન તોડાય તો સારું. '

પછી બીજી અમાવાસ્યા આવી, ત્યારે ધર્મરુચિએ આશ્રમની નજીકમાં કેટલાક નિર્ગ્રંથ સાધુઓને જોયા અને તેમને પૂછ્યું કે ' હે ભગવંતો ! તમે અનાકુટ્ટિ (હિંસા ન કરવી તે) પાળો છો કે નહિ ? ' ત્યારે નિર્ગ્રંથ સાધુઓએ કહ્યું: ' અમારે તો જીવનભરની અનાકુટ્ટિ હોય છે ' અને તેઓ ચાલ્યા ગયા.

ધર્મરુચિ સંભ્રાન્ત થઈને વિચાર કરવા લાગ્યા કે ' જીવન–ભરની અનાકુટ્ટિ કેમ મળે ? ' એમ કરતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું એટલે પૂર્વભવમાં પાળેલું સાધુજીવન યાદ આવ્યું ને જીવનભરની અનાકુટ્ટિ કોને કહેવાય ? તેની સમજ પડી. પરિણામે જાતિસ્મરણજ્ઞાનની મૂર્છા ઉતરી ગયા પછી તેમણે સર્વ સાવદ્ય કાર્યોનો મન, વચન અને કાયાથી ત્યાગ કરીને જીવનભરની અનાકુટ્ટિ પાળી.

અહીં ધર્મરુચિએ સર્વ સાવદ્ય કાર્યોનો ત્યાગ કર્યો તે અનવદ્ય જાણવું.

(૭) પરિજ્ઞા.

[આત્માની અમરતા અને ભોગની નિઃસારતાનું જ્ઞાન]

ઘણી ઘણી બાધા-આખડીઓ રાખ્યા પછી ઇલાદેવીની કૃપાથી ધનદત્ત શેઠને એક પુત્ર થયો હતો, તેથી તેનું નામ ઇલાપુત્ર રાખ્યું હતું. આ પુત્ર અનુક્રમે યુવાન થયો અને એક દિવસ નટ લોકોનો ખેલ જોતાં તેની યુવાન પુત્રી પર મોહ પામ્યો, એટલે આમણુ-દુમણો થઇને તૂટલી ખાટ પર સૂઈ રહ્યો. પછી પિતાએ ઘણો ઘણો મનાવ્યો ત્યારે બોલ્યો કે 'આજે આપણા મકાનની નીચે જે નટ લોકો નાચતા હતા, તેમની પુત્રી મને પરણાવો તો હા, નહિ તો ના.' પિતાએ કહ્યું: 'આપણી જ્ઞાતિમાં સુંદર કન્યાઓનો ક્યાં તોટો છે કે તું આ નટડીને પરણવાની ઇચ્છા કરે છે?' પણ ઇલાપુત્ર એકનો બે થયો નહિ. આખરે પિતાએ નટ લોકો પાસે તે નટડીની માગણી કરી અને બદલામાં જોઇએ તેટલું ધન માગી લેવાને કહ્યું. નટલોકોએ વળતો જવાબ આપ્યો. 'શેઠ! અમારી પુત્રીને વેચવા ઇચ્છતા નથી, પરંતુ તમારો પુત્ર જો અમારી સાથે રહે અને અમારી બધી વિદ્યા શીખીને કોઈ રાજાને રીઝવે તો અમારી કન્યા પરણાવીશું.' આ સરત દેખીતી રીતે જ ઘણી નામોશી ભરેલી હતી, એટલે ધનદત્તે તેનો સ્વીકાર ન કર્યો; પરંતુ ઇલાપુત્રને તો નટડીની રઢ લાગી હતી, એટલે તેણે પોતાના વૈભવભર્યા ઘરનો ત્યાગ કર્યો અને નટ લોકોની સરત સ્વીકારી લીધી.

બાર વર્ષે નટવિદ્યામાં પારંગત થઇને ઇલાપુત્ર–

એક પુર આવ્યો રે નાચવા, ઊંચો વંશ વિશેક;
તિહાં રાય જોવાને આવિયો, મળિયા લોક અનેક,
કર્મ ન છૂટે રે પ્રાણીઆ !

બેનાતટ નગરની આ વાત છે.

ઢોલ બજાવે રે નટવી, ગાયે કિન્નર સાદ;
પાયતળ ઘુઘરા ઘમઘમે, ગાજે અંબર નાદ;
કર્મ ન છૂટે રે પ્રાણીઆ !

અને ઇલાપુત્ર

દોય પગ પહેરી પાવડી, વંશ ચડયો ગજ ગેલ;
નોંધારો થઈ નાચતો, ખેલે નવનવા ખેલ,
કર્મ ન છૂટે રે પ્રાણીઆ !

પણ રાજા રીઝતો નથી. ઇલાપુત્ર ફરીને ખેલ કરે છે. આ જોઇને લોકો આશ્ચર્ય અનુભવે અને તાલીઓ પાડે છે, પણ રાજાનું મુખ સરખું યે મલકતું નથી.

ઇલાપુત્ર વિચાર કરે છેઃ

કર્મ વશે રે હું નટ થયો, નાચું છું નિરધાર;
મન નવિ માને રે રાયનું, તો કેણ કરવો વિચાર ?
કર્મ ન છૂટે રે પ્રાણીઆ !

રાજાએ નટડીનું સૌંદર્ય જોયું ત્યારથી દાનત બગડી છે. જો નટ નાચતાં નાચતાં નીચો પડે અને મરણ પામે તો આ નટડીને અંતઃપુરમાં બેસારી દઉં એવો વિચાર કરે છે, એટલે તે ઈરાદાપૂર્વક રીઝતો નથી.

આ બાજુ ઈલાપુત્ર વિચાર કરે છે—

દાન લહું જો રાજાનું, તો મુજ જીવન સાર;
એમ મનમાંહે ચિંતવી, ચઢીયો ચોથી વાર.
કર્મ ન છૂટે રે પ્રાણીઆ !

જો રાજા રીઝે નહિ તો જેને માટે બાર બાર વર્ષ સુધી મહેનત કરી તે બધી ફોકટ જાય, એટલે ઇલાપુત્ર ચોથી વાર વાંસ પર ચઢ્યો છે. પરંતુ રાજા રીઝ્યો નહિ. ઈલાપુત્ર નિરાશ થયો ત્યારે નટડીએ કહ્યું:-' ઇલાપુત્ર ! તમે હજી એક વાર ખેલ કરો અને રાજાને રીઝવો, નહિ તો આપણો કિનારે આવેલો ત્રાપો ડૂબશે.'

ઇલાપુત્ર નટડીની વિનતિનો અસ્વીકાર કરી શકયો નહિ. તે પાંચમી વાર વાંસ પર ચઢ્યો ને અદ્‌ભુત ખેલ કરવા લાગ્યો એવામાં નજર બાજુના બંગલામાં ગઇ. ત્યાં એક અત્યંત રૂપવતી સ્ત્રી હાથમાં મોદકનો થાળ લઇને ઊભી છે અને મુનિરાજને તે ગ્રહણ કરવા વિનવી રહી છે, પણ મુનિરાજ મોદક લેતા નથી, તેમ સ્ત્રીના સામું આંખ ઊંચી કરીને જોતા પણ નથી. આ દૃશ્ય જોતાં જ ઈલાચીનાં અંતરની ઊંડાણમાંથી અવાજ આવ્યો:-' ધન્ય હો મુનિરાજ ! ધન્ય !! યુવાવસ્થા છે, સામે આવી રૂપવતી સ્ત્રી ખડી છે, પણ તમારું રૂંવાડું યે ફરકતું નથી, અને હું મૂર્ખ-અરે મહામૂર્ખ ! એક નટડીના રૂપમાં મોહિત થઇને ગામ ગામના પાણી પી રહ્યો છું ને આવા હૃદયહીન રાજાઓને રીઝવવાની કોશીશ કરી રહ્યો છું !! ખરેખર ! હું ભૂલ્યો છું, ઘણું ભૂલ્યો છું, પણ હવે બગડેલી બાજી સુધારી લઈશ.'

ઇલાપુત્રને ભોગની નિઃસારતા સમજાઇ. તે સાથે જ આત્માની અમરતાનું પણ ભાન થયું અને જીવનની જે પળો વહી રહી છે તે મહામૂલ્યવાન છે એવો ખ્યાલ પણ આવી ગયો. પરિણામે તેમના અધ્યવસાયો ઉત્તરોત્તર વિશુદ્ધ થતા ગયા અને એમ કરતાં તે વંશ ઉપર જ કેવલજ્ઞાન પામ્યા.

ઇલાપુત્રના જીવનમાં થયેલા આ અદ્ભુત પરિવર્તને નટડીની મોહનિદ્રા પણ ઉડાડી દીધી અને રાજા-રાણીનાં જીવનમાં પણ ભારે પલટો આણ્યો, એટલે તેઓ પણ ભાવનાના બળે કેવલજ્ઞાન પામ્યા. પછી એ ચારે કેવલીઓએ જગતને ધર્મનો બોધ આપી મહાન્ ઉપકાર કર્યો.

અહીં ઇલાપુત્રને ભોગની નિસારતા સમજાઈ અને આત્માની અમરતાનું જ્ઞાન થયું તે પરિજ્ઞા સમજવી.

(૮) પ્રત્યાખ્યાન.

[વ્રત-નિયમ-ગુણધારણા]

અમાત્ય તેતલિપુત્રના હૃદયમાં વહી રહેલી સ્નેહની સરિતા છેક જ સૂકાઈ ગઇ અને પોટ્ટિલાના દુઃખનો પાર રહ્યો નહિ. તેને આખરે એક દિવસ તેના મનનું સમાધાન કરવા અમાત્યે કહ્યું:–' પોટ્ટિલા ! રસોડાનો કારભાર તું સંભાળ અને અહીં જે કોઇ શ્રમણ, બ્રાહ્મણ કે તપસ્વી આવે તેને દાન દઈને રાજી થા. '

પોટ્ટિલાએ તેનો સ્વીકાર કર્યો અને શ્રમણ, બ્રાહ્મણ તથા તપસ્વીઓને દાન દેવા માંડયું. એમ કરતાં એક દિવસ સુવ્રતા

નામની સાધ્વીનો સમાગમ થયો. તેમને પોટ્ટિલાએ કહ્યું:–'હે આર્યા! એક વાર હું અમાત્યનાં હૈયાનો હાર હતી અને આજે આંખે દીઠી પણ ગમતી નથી; માટે કોઇ એવા ચૂર્ણ, મંત્ર કે કામણનો પ્રયોગ બતાવો, જેથી ફરીવાર હું તેને વલ્લભ થાઉં.'

સુવ્રતાએ કહ્યું: 'હે દેવાનુપ્રિયે! અમે નિર્ગ્રંથ બ્રહ્મચારિણી સાધ્વીઓ છીએ, એટલે સંસારની ખટપટમાં પડતી નથી, તેમજ આવી વાતો સાંભળતી પણ નથી. પરંતુ તારે મનનું સમાધાન મેળવવું હોય તો સર્વજ્ઞકથિત ધર્મ સાંભળ.' અને તેમણે ધર્મનું સ્વરૂપ સમજાવ્યું તથા શ્રાવકનાં વ્રતોનું રહસ્ય કહી સંભળાવ્યું. એટલે પોટ્ટિલાએ શ્રાવકવ્રતો ધારણ કર્યાં.

પછી એક વાર સર્વવિરતિ ચારિત્ર ધારણ કરવાની ઇચ્છાથી તેણે અમાત્ય આગળ રજા માગી, ત્યારે અમાત્યે કહ્યું: 'હું એક શરતે તને સાધ્વી થવાની રજા આપું. જો તપ-જપનાં પરિણામે તું બીજા ભવમાં દેવ થા તો મને પ્રતિબોધ કરવાને આવજે' પોટ્ટિલાએ એ શરતનો સ્વીકાર કર્યો અને સર્વવિરતિ ચારિત્ર અંગીકાર કર્યું. એ ચારિત્ર પાલનના પરિણામે તેની સદ્ગતિ થઇ અને પોટ્ટિલ નામનો દેવ બની.

પોટ્ટિલદેવને પોતાનું વચન યાદ આવ્યું અને તે વિવિધ ઉપાયોથી અમાત્યના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય તેવા પ્રયાસો કરવા લાગ્યો. પરંતુ અમાત્યની સુખશીલતાના કારણે એ ઉપાયો કારગત થયા નહિ ત્યારે દેવે આકરો ઉપાય અજમાવ્યો. પ્રથમ તો જે રાજા પ્રત્યે તેને અનહદ પ્રેમ હતો તેનાં મનમાં વૈમનસ્ય ઊભું કર્યું અને પછી તેના માતાપિતા તથા સેવકોના

મનમાં પણ તેના વિષે અનાદર ઉત્પન્ન કર્યો. આ સ્થિતિ અમાત્ય તેતલિપુત્રને અસહ્ય થઈ પડી. જેણે કોઈ દિવસ દુઃખ કે અપમાન જોયું ન હતું, તેનાથી આવી સ્થિતિ કેમ સહન થાય?

આખરે એક દિવસ અમાત્યે અફીણ ઘોળ્યું, પણ તે બિલકુલ ચડયું નહિ; ગળે ફાંસો ખાવાનો પ્રયત્ન કર્યો, પણ ફાંસો તૂટી ગયો. આથી તે વધારે ખિન્ન થયો અને કોટે શિલા બાંધીને પાણીમાં કૂદી પડ્યો, છતાં કોઇ અગમ્ય કારણે તે પાણીમાં ડૂબ્યો નહિ; છેવટે ઘાસની ગંજી સળગાવીને તેમાં પેઠો તો અગ્નિ બુઝાઇ ગયો. આમ મૃત્યુનો મેળાપ કરવામાં તે નિષ્ફળ નીવડ્યો, ત્યારે લમણે હાથ દઈને વિચાર કરવા લાગ્યો કે 'હવે શું કરવું?' તે વખતે પોટ્ટિલદેવ પ્રકટ થયો અને બોલ્યો: 'હે તેતલિપુત્ર! આગળ મોટો ખાડો છે, પાછળ ગાંડો હાથી ચાલ્યો આવે છે, બંને બાજુ ઘોર અંધારું છે, વચ્ચે બાણો વરસે છે, ગામ સળગ્યું છે અને રણ ધગધગે છે તો ક્યાં જવું?'

તેતલિપુત્ર આ પ્રશ્નનો મર્મ સમજી ગયો એટલે બોલ્યો: 'જેમ ભૂખ્યાનું શરણ અન્ન છે, તરસ્યાનું શરણ પાણી છે, રોગનું શરણ ઔષધ છે અને થાકેલાનું શરણ વાહન છે, તેમ ચારે બાજુથી ભયભીત થયેલાનું શરણ પ્રવ્રજ્યા છે. પ્રવ્રજિત થયેલા શાંત, દાંત અને જિતેન્દ્રિયને કશો ભય હોતો નથી.'

પોટ્ટિલદેવે કહ્યું: 'હે તેતલિપુત્ર! જ્યારે તું આ સમજે છે ત્યારે શા માટે ભયભીત થયો છે? અને પ્રવ્રજ્યાનું શરણ અંગીકાર કરતો નથી?'

આ વચનોએ અમાત્ય તેતલિપુત્રની સાન ઠેકાણે આણી દીધી અને તે જ ક્ષણે તેણે સંયમમાર્ગમાં વિચરવાની દૃઢ પ્રતિજ્ઞા કરી. પછી એ પ્રતિજ્ઞા અનુસાર તે ઉગ્ર સંયમી બનીને વિહરવા લાગ્યો અને સિદ્ધ, બુદ્ધ તથા મુક્ત થયો.

અહીં અમાત્ય તેતલિપુત્રે સંયમી જીવન ગાળવાની જે દૃઢ પ્રતિજ્ઞા લીધી તે પ્રત્યાખ્યાન જાણવું.

તાત્પર્ય કે–રાગ અને દ્વેષનો ત્યાગ કરવો એ સામાયિક છે; અહિંસાધર્મનું પાલન કરવું એ સામાયિક છે; સત્ય બોલવું એ સામાયિક છે; ઉપશમ, વિવેક અને સંવરને સાધવો એ સામાયિક છે; સાવદ્યયોગનો ત્યાગ કરવો એ સામાયિક છે; ભોગની નિઃસારતા અને આત્માની અમરતાનું ભાન થવું એ સામાયિક છે, સંયમી જીવન ગાળવાની દૃઢ પ્રતિજ્ઞા રાખવી એ પણ સામાયિક છે અને તે જ ચૌદ પૂર્વોનો સાર છે.

: ૫ :

સામાયિક વ્રત

અથવા

બે ઘડીની યોગસાધના

સામાયિકરૂપ મહાયોગની સાધના ગૃહસ્થો પણ યથાશક્તિ કરી શકે, તે માટે સામાયિક નામના એક ખાસ વ્રતની યોજના થયેલી છે. શ્રાવકનાં બાર વ્રતોમાં તેનું સ્થાન નવમું છે અને ચાર પ્રકારનાં શિક્ષાવ્રતોમાં તેનું સ્થાન પહેલું છે. તેનો પરિચય કરાવતાં નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કે—

समता सर्वभूतेषु, संयमः शुभभावना ।
आर्त्तरौद्रपरित्यागस्तद्धि सामायिकं व्रतम् ॥ १ ॥

સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવ, સંયમ, શુભ ભાવના અને આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાનનો ત્યાગ એ સામાયિક વ્રતનું રહસ્ય છે.

त्यक्तार्त्तरौद्रध्यानस्य, त्यक्तसावद्यकर्मणः ।
मुहूर्त्तं समता या तां विदुः सामायिकं व्रतम् ॥ १ ॥

આર્ત્ત અને રૌદ્રધ્યાન તથા સાવદ્ય કર્મનો ત્યાગ કરી એક મુહૂર્ત એટલે બે ઘડી પર્યંત સમતામાં રહેવું તે સામાયિક વ્રત કહેવાય છે.

આ વ્રત કરવાનો વિધિ એવો છે કે-પ્રથમ શરીર, વસ્ત્ર તથા ઉપકરણથી શુદ્ધ થવું. ઉપકરણથી શુદ્ધ થવાનો અર્થ એ છે કે-સામાયિક કરતી વખતે રજોહરણ (ચરવલો), મુહપત્તિ, કટાસણું (બેસવાનું આસન), માળા વગેરે જે જે સાધનોની જરૂર પડે છે, તે પ્રમાણોપેત રાખવાં. પછી ત્યાગી ગુરુની સમીપે જવું અને તેવો યોગ ન હોય તો પોતાના ઘરના એકાંત ભાગમાં બેસીને અથવા ઉપાશ્રયે જઈને ગુરુની સ્થાપના કરીને તેમની સમક્ષ સામાયિક કરવું. ગુરુની સ્થાપનાને સ્થાપનાચાર્ય કહેવામાં આવે છે. તેનો વિધિ એવો છે કે-બાજોઠી પ્રમુખ ઊંચા આસન પર જ્ઞાન, દર્શન કે ચારિત્રનું કોઈ પણ ઉપકરણ મૂકી જમણો હાથ તેમની સમક્ષ રાખી નીચેનાં સૂત્રો બોલવાપૂર્વક ગુરુની ભાવના ભાવવી.

(૧) નમસ્કાર.

नमो अरिहंताणं ।
नमो सिद्धाणं ।
नमो आयरियाणं ।
नमो उवज्झायाणं ।
नमो लोए सव्वसाहूणं ॥

एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

અર્થ:–નમસ્કાર હો અરિહંતોને. નમસ્કાર હો સિદ્ધોને. નમસ્કાર હો આચાર્યોને. નમસ્કાર હો ઉપાધ્યાયોને. નમસ્કાર હો લોકમાં રહેલા સર્વ સાધુઓને.

આ પાંચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વે મંગલોમાં પહેલું મંગલ છે.

(૨) પંચિંદિય સૂત્ર.

पंचिंदियसंवरणो, तह नवविह बंभचेरगुत्तिधरो ।
चउविहकसायमुक्को, इह अट्ठारसगुणेहिं संजुत्तो ॥
पंचमहव्वयजुत्तो, पंचविहायारपालणसमत्थो ।
पंचसमिओ तिगुत्तो, छत्तीस गुणो गुरु मज्झ ॥

અર્થ:–પાંચ ઇંદ્રિયોનો સંવર કરનારા, નવ વાડોથી બ્રહ્મચર્યનું રક્ષણ કરનારા, ક્રોધાદિ ચાર કષાયોથી મુક્ત, આ રીતે અઢાર ગુણવાળા; વળી પાંચ મહાવ્રતોને ધારણ કરનારા, પાંચ પ્રકારના આચાર પાળવામાં સમર્થ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત, એમ છત્રીશ ગુણવાળા મારા ગુરુ છે.

પછી ગુરુને નીચેનું સૂત્ર બોલીને પંચાંગ પ્રણિપાત કરવો:

(૩) પ્રણિપાત સૂત્ર.

इच्छामि खमासमणो वंदिउं, जावणिज्जाए निसीहिआए, मत्थएण वंदामि ॥

હે ક્ષમાશ્રમણ ! આપને હું નિર્વિકારી નિષ્પાપ કાયાવડે વંદન કરવાને ઇચ્છું છું. મસ્તકવડે વાંદું છું.

ત્યાર પછી ઊભા રહીને ઈર્યાપથ પ્રતિક્રમણ કરવું. તે આ પ્રમાણે:

(૪) ઇરિયાવહી સૂત્ર.

इच्छाकारेण संदिसह भगवन्! ईरियावहियं पडिक्कमामि? इच्छं ।

इच्छामि पडिक्कमिउं ईरियावहियाए विराहणाए । गमणागमणे ।

पाणक्कमणे, बीयक्कमणे, हरियक्कमणे, ओसा-उत्तिंग-पणग-दग-मट्टी-मक्कडा-संताणा-संकमणे ।

जे मे जीवा विराहिया ।

एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया ।

अभिहया, वत्तिया, लेसिया, संघाइया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओ ठाणं संकामिया, जीवियाओ ववरोविया तस्स मिच्छामि दुक्कडं ॥

અર્થ:-હે ભગવંત ! સ્વેચ્છાથી ઈર્યાપથિકી-પ્રતિક્રમણ કરવાની મને આજ્ઞા આપો. (ગુરુ તેની આજ્ઞા આપે છે એટલે શિષ્ય કહે છે.) હું ઇચ્છું છું.

હવે હું રસ્તે ચાલતાં થયેલી જીવ વિરાધનાનું પ્રતિક્રમણ અંતઃકરણની ભાવનાપૂર્વક શરૂ કરું છું.

જતાં–આવતાં મારાવડે ત્રસ જીવ, બિયાં, લીલોતરી, ઝાકળનું પાણી, કીડીનાં દર, સેવાળ, કાચું પાણી, માટી કે કરોળીઆની જાળ વગેરે ચંપાયા હોય, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય કે પંચેન્દ્રિય જીવોની વિરાધના થઈ હોય. જતાં–આવતાં મારાવડે જીવો ઠોકરે મરાયા હોય, ધૂળે કરીને ઢંકાયા હોય, ભોંય સાથે ઘસડાયા હોય, અરસપરસ શરીરવડે અફળાયા હોય, થોડા સ્પર્શાયા હોય, દુઃખ ઉપજાવાયા હોય, ખેદ પમાડાયા હોય, બિવરાવાયા હોય, એક સ્થાનેથી બીજા સ્થાને ફેરવાયા હોય, કે પ્રાણથી છૂટા કરાયા હોય અને તેથી જે કંઈ વિરાધના થઇ હોય, તે સંબંધી મારું સઘળું દુષ્કૃત મિથ્યા થાઓ.

(૫) તસ્સ ઉત્તરી સૂત્ર.

तस्स उत्तरीकरणेणं, पायच्छित्तकरणेणं, विसोहीकरणेणं, विसल्लीकरणेणं, पावाणं कम्माणं निग्घायणट्ठाए ठामि काउस्सग्गं ॥

અર્થ:–તે ઐર્યાપથિકી વિરાધનાના પરિણામે ઉત્પન્ન થયેલાં પાપકર્મોનો સંપૂર્ણ ઉચ્છેદ પ્રાયશ્ચિત્ત, વિશુદ્ધિ અને વિશલ્યરૂપ ઉત્તરક્રિયાવડે કરવા માટે હું કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું.

(૬) અન્નત્થ અથવા કાઉસ્સગ્ગ સૂત્ર.

अन्नत्थ ऊससिएणं नीससिएणं खासिएणं छीएणं जंभा-

इएणं उड्डुएणं वायनिसग्गेणं भमलीए पित्तमूच्छाए, सुहुमेहिं अंगसंचालेहिं, सुहुमेहिं खेलसंचालेहिं सुहुमेहिं दिट्ठिसंचालेहिं, एवमाइएहिं, आगारेहिं, अभग्गो अविराहिओ हुज्ज मे काउस्सग्गो ।

जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि ॥

અર્થ-શ્વાસ લેવાથી, શ્વાસ મૂકવાથી, ઉધરસ આવવાથી, છીંક આવવાથી, બગાસું-ઓડકાર આવવાથી, વા-છૂટ થવાથી, ભ્રમરી આવવાથી, પિત્તને લીધે મૂર્છા આવવાથી, શરીરનું સૂક્ષ્મ રીતે સ્ફુરણ થવાથી, શરીરમાં કફ વગેરેનો સૂક્ષ્મ રીતે સંચાર થવાથી, સ્થિર રાખેલી દૃષ્ટિ સૂક્ષ્મ રીતે ફરકી જવાથી તથા અગ્નિ-સ્પર્શ, શરીરછેદન અથવા સન્મુખ થતો પંચેન્દ્રિય વધ, ચોર કે રાજાની દખલગીરી અને સર્પદંશ એ કારણો ઉપસ્થિત થવાથી જે કાય-વ્યાપાર થાય, તેનાથી મારો કાયોત્સર્ગ ભાંગે નહિ કે વિરાધે નહિ. એવી સમજ સાથે હું ઊભો રહીને મૌન ધારણ કરું છું તથા ચિત્તને ધ્યાનમાં જોડું છું અને જ્યાં સુધી 'નમો અરિહંતાણં' એ પદ બોલીને કાયોત્સર્ગ પારું નહિં, ત્યાં સુધી મારી સર્વ શારીરિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરું છું.

ત્યાર પછી ૨૫ શ્વાસોચ્છ્વાસ જેટલા સમયનો કાયોત્સર્ગ કરવો અને તેમાં લોગસ્સ સૂત્ર મનમાં ગણવું. આ પાઠ ચંદેસુ નિમ્મલયરા સુધી બોલતાં કાયોત્સર્ગનો સમય પૂરો થાય છે.

આ કાયોત્સર્ગ પૂર્ણ કરીને લોગસ્સ સૂત્ર પ્રકટ રીતે બોલાય છે:

(૭) લોગસ્સ સૂત્ર.

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ॥ १ ॥
उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥
सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस-वासुपुज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥ ३ ॥
कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥
एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जरमरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥ ५ ॥
कित्तीय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग-बोहि-लाभं, समाहिवरमुत्तमं दिंतु ॥ ६ ॥
चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥ ७ ॥

અર્થ—લોકનો ઉદ્યોત કરનારા, ધર્મરૂપી તીર્થને પ્રવર્તાવનારા, રાગદ્વેષના વિજેતા અને કેવલ(જ્ઞાન)દ્વારા પૂર્ણતાને પ્રાપ્ત કરનારા ચોવીસનું તથા અન્ય તીર્થંકરોનું પણ હું કીર્તન કરીશ. ૧

શ્રી ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી,

સુમતિનાથ, પદ્મપ્રભ, સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભને હું વંદન કરું છું. ૨

શ્રી સુવિધિનાથ યા પુષ્પદંત, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ તથા શાંતિનાથને હું વંદન કરું છું. ૩

શ્રી કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ તથા વર્દ્ધમાન(શ્રી મહાવીર)ને હું વંદન કરું છું. ૪

એવી રીતે મારા વડે સ્તવાયેલા, કર્મરૂપી કચરાથી મુક્ત અને ફરી અવતાર નહિ લેનારા ચોવીસ તથા અન્ય જિનવરો મારા પર પ્રસન્ન થાઓ. ૫

જેઓ લોકમાં ઉત્તમ સિદ્ધ છે અને જેઓ લોકોવડે કીર્તન કરાયેલા, વંદન કરાયેલા અને પૂજાએલા છે તેઓ મને આરોગ્ય, બોધિ અને સમાધિની ઉત્તરોત્તર વિકાસ પામતી સ્થિતિ આપો. ૬

ચંદ્રો કરતાં વધારે નિર્મળ, આદિત્યો (સૂર્ય) કરતાં વધારે પ્રકાશ કરનારા તથા સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં વધારે ગંભીર એવા સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.

આ રીતે ઈર્યાપથ પ્રતિક્રમણ પૂરું કર્યા પછી મુહપત્તિ પડિલેહવામાં આવે છે અને એક પ્રણિપાત કરીને ‘ સામાયિક ’ માં પ્રવેશ કરવા માટેની આજ્ઞા માગવામાં આવે છે. એ આજ્ઞા મળ્યા પછી બીજો એક પ્રણિપાત કરીને સામાયિકમાં સ્થિર થવાની આજ્ઞા માગવામાં આવે છે ને એ આજ્ઞા

મળ્યા પછી બે હાથ જોડીને એક નવકાર મંત્ર બોલીને 'ઇચ્છ-કારી ભગવન્! પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી' એવી વિનંતિ કરવામાં આવે છે. ગુરુ હાજર હોય તો તે સામાયિક દંડક (પાઠ) ઉચ્ચરાવે છે અને હાજર ન હોય તો વડીલ ઉચ્ચરાવે છે. કોઇ પણ ન હોય તો જાતે ઉચ્ચરવામાં આવે છે. તે નીચે મુજબ.

(૮) કરેમિ ભંતે સૂત્ર.

(સામાયિક પાઠ)

करेमि भंते ! सामाइयं, सावज्जं जोगं पच्चक्खामि । जाव नियमं पज्जुवासामि, दुविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि, न कारवेमि ।

तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥

અર્થઃ–હે પૂજ્ય ! હું સામાયિક કરવાને ઇચ્છું છું. તે માટે અશુભ પ્રવૃત્તિઓનું પ્રત્યાખ્યાન કરું છું. જ્યાંસુધી હું આ નિયમને સેવું ત્યાં સુધી મન, વચન અને કાયાવડે અશુભ પ્રવૃત્તિ કરીશ નહિ, હું કરાવીશ નહિ. હે ભગવંત ! અત્યાર સુધી તે પ્રકારની જે કાંઇ અશુભ પ્રવૃત્તિ થઇ હોય, તેમાંથી હું નિવૃત્ત થાઉં છું, તે અશુભ પ્રવૃત્તિને હું ખોટી ગણું છું અને તે બાબતનો આપની સમક્ષ સ્પષ્ટ એકરાર કરું છું. હવે હું અશુભપ્રવૃત્તિ કરનાર તે કષાય આત્માનો ત્યાગ કરું છું.

પછી એક પ્રણિપાત કરીને બેસવાની ઈચ્છા પ્રદર્શિત કરવામાં આવે છે, તથા બીજો પ્રણિપાત કરીને બેસવાની આજ્ઞા માગવામાં આવે છે અને તે જ રીતે એક પ્રણિપાતદ્વારા સ્વાધ્યાય કરવાની ઈચ્છા પ્રદર્શિત કરવામાં આવે છે તથા બીજા પ્રણિપાતદ્વારા સ્વાધ્યાયની આજ્ઞા માગવામાં આવે છે અને તે આજ્ઞા મળી જતાં ત્રણ વાર નવકાર (નમસ્કાર) બોલી સામાયિકની સાધના કરવામાં આવે છે.

આ સાધનામાં સ્વાધ્યાયની મુખ્યતા હોય છે, એટલે બધું સાંસારિક કામ છોડીને સૂત્ર-સિદ્ધાંતનું પઠન-પાઠન કરવામાં આવે છે, અનાનુપૂર્વી ગણવામાં આવે છે કે માળા ફેરવી અરિહંતોનો જાપ કરવામાં આવે છે.

આવી રીતે બે ઘડી સુધી સ્વાધ્યાય વગેરે દ્વારા આત્માને સમભાવ કે સમતામાં રાખવાથી એક સામાયિક થયું ગણાય છે. આવાં સામાયિકો ઇચ્છા હોય તેટલાં કરી શકાય છે, પરંતુ ત્રીજું સામાયિક પારીને ચોથું કરવું જોઈએ.

સામાયિકનો સમય પૂરો થયે તેને વિધિપુરઃસર પારવામાં આવે છે. તે આ રીતે-પ્રથમ પ્રણિપાત કરીને ઇર્યાપથ-પ્રતિક્રમણ કરવામાં આવે છે અને મુહપત્તિ પડિલેહવા વગેરેનો તમામ વિધિ સામાયિક લેતી વખતે કર્યો હતો તેમજ કરવામાં આવે છે. પછી પ્રણિપાત કરીને સામાયિક પારવાની આજ્ઞા માગવામાં આવે છે ત્યારે ગુરુ કહે છે કે **पुणो वि कायव्वो** ફરી પણ કરવા યોગ્ય છે. પછી બીજો પ્રણિપાત કરીને સામાયિક પારવાની અનુમતિ મગાય છે ત્યારે ગુરુ કહે છે કે-

'**आयारो न मोत्तव्वो**-આચાર છોડવો નહિ.' પછી સાધક 'તહત્તિ' કહી ગુરુવચનનો અંગીકાર કરે છે અને જમણો હાથ ચરવળા પર સ્થાપી નવકાર(નમસ્કાર)નો પાઠ બોલી સામાઇયવયજુત્તો નામનું સૂત્ર બોલે છે. તે આ પ્રમાણે—

(૯) સામાઇય-વય-જુત્તો.

सामाइय-वय-जुत्तो, जाव मणे होइ नियम-संजुत्तो ।
छिन्नइ असुहं कम्मं, सामाइय जत्तिया वारा ॥ १ ॥
सामाइयम्मि उ कए, समणो इव सावओ हवइ जम्हा ।
एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ॥ २ ॥

સામાયિક વિધિથી લીધું, વિધિથી પાર્યું, વિધિ કરતાં જે કંઈ અવિધિ થયો હોય તે સર્વે મન, વચન, કાયાએ કરી મિચ્છામિદુક્કડં.

દસ મનના, દસ વચનના, બાર કાયાના એ બત્રીસ દોષ-માંથી જે કોઇ દોષ લાગ્યો હોય તે મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

અર્થ: સામાયિક-વ્રતધારી જ્યાં સુધી અને જેટલી વાર મનમાં નિયમ રાખીને સામાયિક કરે છે ત્યાં સુધી અને તેટલી વાર અશુભ કર્મનો નાશ કરે છે. ૧.

સામાયિક કરવાથી શ્રાવક શ્રમણ જેવો થાય છે, તેથી તેણે સામાયિક વારંવાર કરવું જોઇએ. ૨

બીજો અર્થ સરળ છે.

પછી જમણો હાથ સ્થાપનાચાર્ય સામે અવળો રાખીને એક વાર નવકારનો પાઠ બોલવામાં આવે છે. જો ગુરુ હાજર હોય તો આ વિધિ કરવાની જરૂર રહેતી નથી.

અહીં સામાયિકનો વિધિ પૂરો થાય છે.

આ રીતે સામાયિક કરવાથી રાજયોગની સિદ્ધિ થાય છે અને પરમાનંદની પૂર્ણ પ્રાપ્તિ કરી શકાય છે.

નવા બહાર પડેલા ગ્રન્થો

આત્મકલ્યાણમાળા

(૧) હજારો વાંચકો જેની રાહ જોઇ રહ્યા હતા, પૂ. મુનિવરો, સાધ્વીજીઓ, જેની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે તે અત્યંત ભાવોત્પાદક પ્રાચીન પ્રાર્થના, ગુજરાતી સંસ્કૃત ચૈત્યવંદનો, સ્તુતિઓ, ઢાલીયાં, સ્તવનો, સજ્ઝાયો, પદોનો અત્યુત્તમ સંગ્રહ જેમાં છે. કિં. રૂ. ૪)

(૨) ધર્મબોધ ગ્રંથમાલાના શીઘ્ર ગ્રાહક બની જાવ. માત્ર પોસ્ટેજ સાથે રૂ. ૧૨) ની કિંમતમાં જીવનનું ઘડતર કરવા માટે જુદા જુદા વિષયો ઉપર રોચક શૈલીમાં લખાએલાં ૨૦ પુસ્તકો વસાવી લો.

(૩) પૌષધ વિધિ (ચોથી આવૃત્તિ) સંપૂર્ણ સૂત્રો વિધિ સાથે, નહિ ભણેલાઓ વાંચતા જાય અને પૌષધ કરી શકે તેવી યોજના જેમાં કરવામાં આવી છે. કિં. ૦-૧૨-૦.

(૪) મોહનમાલા (ચોથી આવૃત્તિ) પ્રાચીન અર્વાચીન સ્તવનો તથા પ્રાર્થના, ચૈત્યવંદન, થોયો, ગહુંલીઓ, તપવિધિ, સ્તોત્રો, છંદનો સંગ્રહ કિં. રૂ. ૧ા.

(૫) સજ્ઝાયો તથા ઢાળીઆઓનો સુંદર સંગ્રહ કિં. રૂ. રાા.

છપાતા ગ્રન્થો.

(૧) કલ્પસૂત્ર સુબોધિકા ટીકા (૨) શ્રી ભગવતીજી સૂત્રનાં પ્રવચનો (૩) શ્રી બૃહત્સંગ્રહણી સુવિસ્તૃત સચિત્ર ભાષાંતર (બીજી આવૃત્તિ).

છૂટક પુસ્તકો પણ મળી શકશે.

—: ગ્રાહકો થવાનાં તથા પુસ્તક મેળવવાનાં ઠેકાણાં :—

શા. લાલચંદ નંદલાલ
ઠે. રાવપુરા ઘીકાંટા–વડોદરા

સી. શાંતિલાલ શાહની કું.
ઠે. ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ–મુંબઇ

સરસ્વતી પુસ્તક ભંડાર
ઠે. રતનપોળ હાથીખાના
અમદાવાદ

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ઠે. ગુલાલવાડી ગોડીજીની ચાલ નં. ૧
મુંબઇ